RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 288* Date: 14.08.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ‘હર ઘર તિરંગા’ અભિયાન :

# ૨૦ કરોડ ઘરો પર રાષ્ટ્રધ્વજ લહેરાયો

■ લદાખથી લઇ કન્યાકુમારી અને કેરલથી લઇ કચ્છ સુધી તિરંગો માહોલ : સીમા ઉપર જવાનોએ તિરંગો લહેરાવ્યો

■ આઝાદી પર્વની ઉજવણી શરૂ કરાઇ : અમિત શાહે નિવાસ પર તિરંગો લહેરાવ્યો તો આરએસએસ કાર્યાલય ખાતે ભાગવતે લહેરાવ્યો



નવીદિલ્હી,તા.૧૩

આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન પર હર ઘર તિરંગા અભિયાનમાં દેશભરના લોકો જબરા ઉત્સાહથી જોડાયા હતાં જેથી સવારથી અનેક ઘર, ઓફિસો, ઈમારતોની બહાર તિરંગો લહેરાયો છે અને છેક લદાખમાં ચીન સાથેની સરરદથી લઈ કન્યાકુમારી અને કચ્છમાં વિશાળ રણથી લઈ અરુણાચલ પ્રદેશ સુધી ૨૦ કરોડથી વધુ તિરંગા અત્યાર સુધી લહેરાઈ ગયા છે.

મોદીએ આઝાદીના અમૃત મહોત્સવના ભાગરુપે દેશના લોકોને તેમના ઘરો પર તા.૧૩ થી ૧૫ ઓગસ્ટનાં તિરંગો લહેરાવવા અપીલ કરી હતી તથા દેશભરમાં એક સમાન તિરંગાનું વિતરણ પણ શરુ કરાયું હતું તથા ખાસ કરીને ગુજરાતમાં રાજ્ય સરકાર તેમજ વિવિધ સેવાભાવી સંગઠનો મારફત પણ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરાયું હતું તથા તિરંગાયાત્રા યોજવામાં આવી હતી.

આજે સવારથી જ દેશભરના કરોડો ઘરોમાં તિરંગો લહેરાવા લાગ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાના આવાસ પર તિરંગો ફરકાવીને અભિયાનમાં સામેલ થયા હતા. સરકારે હર ઘર તિરંગા અભિયાન માટે ફલેગ કોડમાં પણ ફેરફાર કર્યા છે. તથા લોકો રાત્રિના સમયે પણ તિરંગો લહેરાવી શકે તે છૂટ આપી હતી.

આ ઉપરાંત પ્રથમ વખત પોલીએસ્ટરનો ઉપયોગ કરીને રાષ્ટ્રધ્વજ બનાવવાની છૂટ આપી હતી અને દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન છેડવામાં આવ્યું હતું તથા લોકો તિરંગા સાથે સેલ્ફી લે, પોતાની ડીપીમાં તિરંગા મુકે સહિતના અભિયાન આજથી શરુ થતાં જ સ્વતંત્રતા દિનના સમયે દેશમાં તિરંગો છવાઈ જશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સવારે ૮ વાગ્યે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.અમિત શાહની સાથે તેમના પત્ની પણ હાજર રહ્યા હતા.નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ હર ઘર તિરંગા અભિયાનમાં જોડાઈ ગયો છે. આરએસએસે શનિવારે પોતાના કાર્યાલયમાં તિરંગો ફરકાવવાનો એક વીડિયો શેર કર્યો છે. તેમાં સંઘ પ્રમુખ મોહન ભાગવત તિરંગો ફરકાવી રહ્યાં છે. તેની સાથે લખ્યું છે, ‘સ્વાધીનતા કા અમૃત મહોત્સવ મનાએં. હર ઘર તિરંગા ફહરાએં. રાષ્ટ્રીય સ્વાભિમાન જગાએ.‘

આ પહેલા સંઘે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલમાં તિરંગાની ડીપી લગાવી હતી. આ સાથે મોહન ભાગવતે પોતાના પ્રોફાઈલનો ફોટો બદલી નાખ્યો છે અને તિરંગો લગાવ્યો છે. સંઘ નેતાઓએ હર ઘર તિરંગા અભિયાનમાં ભાગીદારીની અપીલ પણ કરી છે. સેલેબ્સ પણ તિરંગા અભિયાનના સમર્થનમાં સામે આવ્યા છે આમિર ખાને પણ પોતાના ઘરે તિરંગો લહેરાવ્યો છે.આમિર ખાનની એક તસવીર સોશિયલ મીડિયા પર સામે આવી છે. જેમાં આમિર ખાન તેની પુત્રી ઈરા ખાન સાથે તેની બાલ્કનીમાં ઉભો જોવા મળે છે. ખાસ વાત એ છે કે આ તસવીરમાં તેમની બાલ્કનીની રેલિંગ સાથે ભારતીય ત્રિરંગો બાંધેલો જોવા મળી રહ્યો છે. આ તસવીર વાયરલ થતાં જ કહેવામાં આવ્યું કે આમિર ખાન હર ઘર પર ત્રિરંગા અભિયાનને સમર્થન આપી રહ્યો છે. આ તસવીર સામે આવતા લોકો આમિરના વખાણ કરી રહ્યા છે. આ પહેલા ઘણા બોલિવૂડ સ્ટાર્સ પણ આ કેમ્પેનને સપોર્ટ કરતા જોવા મળ્યા હતાં અક્ષય કુમારે પોતાના ટ્વિટર પ્રોફાઈલ પર તિરંગાની તસવીર મુકતા લખ્યું હતું કે, ‘આઝાદીના ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી કરવાનો સમય આવી ગયો છે. ગર્વથી ઈહરઘર તિરંગા લહેરાવવાનો સમય આવી ગયો છે.

તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબુએ પોતાના ટ્વિટર હેન્ડલ પર લખ્યું, ‘અમારો ત્રિરંગો... અમારું ગૌરવ. ચાલો આપણે સંકલ્પ લઈએ કે ત્રિરંગાને હંમેશા ઊંચો રાખીશું ૧૩થી ૧૫ ઓગસ્ટ હર ઘર તિરંગા. આ સિવાય આર માધવન અને સુષ્મિતા સેન જેવા સ્ટાર્સ પણ આઝાદીના ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી માટે દરેક ઘરમાં ત્રિરંગો ફરકાવવાના સમર્થનમાં જોવા મળ્યા હતા. ગુજરાતના રાજકોટમાં નાના મવા રોડ પર આવેલી ૨૨ માળની ઈમારત પર ગુજરાતનો સૌથી મોટો તિરંગો લહેરાવાયો છે. ૨૨ માળની ઈમારત પર ૨૫૦ ફૂટ ઊંચો તિરંગો ફરકાવાયો છે. આ તિરંગો હાલ રાજકોટવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે અને રાષ્ટ્રભક્તિની ભાવના પેદા થઈ હતી.

# કર્ણાટકમાં સરકારી નોકરી માટે છોકરીઓને કોઈની સાથે સૂવું પડે છે: કોંગ્રેસના ધારાસભ્ય

### ભરતી કૌભાંડોમાં ન્યાયિક તપાસ અથવા વિશેષ તપાસ ટીમ ની રચનાની માંગ કરી

બેંગ્લુરૂ,તા.૧૩

કર્ણાટક કોંગ્રેસના પ્રવક્તા અને ધારાસભ્ય પ્રિયાંક ખડગેએ ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં સરકારી નોકરી મેળવવા માટે, “છોકરાઓને લાંચ આપવી પડે છે જ્યારે છોકરીઓએ કોઈની સાથે સૂવું પડે છે”.

તેમણે ભરતી કૌભાંડોમાં ન્યાયિક તપાસ અથવા વિશેષ તપાસ ટીમ ની રચનાની માંગ કરી હતી અને સરકારને ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવા પણ અપીલ કરી હતી.

ખડગેએ વિવિધ પદો પર ભરતીમાં મોટાપાયે ભ્રષ્ટાચારનો દાવો કર્યો અને કહ્યું- ‘સરકારે પદો વેચવાનો નિર્ણય કર્યો છે. મંત્રીએ યુવતીને નોકરી માટે તેની સાથે સુવા કહ્યું હતું. કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ તેમણે રાજીનામું આપ્યું અને આ મારા શબ્દોનો પુરાવો છે.

પ્રિયાંક ખડગેએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે કર્ણાટક પાવર ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડે સહાયક એન્જિનિયર, જુનિયર એન્જિનિયર અને સિવિલ એન્જિનિયર સહિત કુલ ૧,૪૯૨ પદોની ભરતી કરી છે. બ્લૂટૂથનો ઉપયોગ કરીને પરીક્ષા આપનાર એક ઉમેદવારની ગોકકમાં ધરપકડ કરવામાં આવી છે. શક્ય છે કે આ ડીલ કુલ ૬૦૦ પોસ્ટ માટે થઈ હોય. આસિસ્ટન્ટ એન્જિનિયરની પોસ્ટ માટે રૂ. ૫૦ લાખ અને જુનિયર ઈજનેર માટે રૂ. ૩૦ લાખ લેવામાં આવ્યા હોવાની પણ શંકા છે. ૩૦૦ કરોડની ઉચાપત એકલા હાથે થઈ હોવાની શક્યતા છે.

દરેક ભરતી પરીક્ષામાં ગેરરીતિ થાય તો ગરીબ અને હોશિયાર વિદ્યાર્થીઓએ ક્યાં જવું? ગુનેગારો અને વચેટિયાઓ જાણે છે કે કૌભાંડ પ્રકાશમાં આવશે તો પણ તેમને કંઈ થશે નહીં.

કર્ણાટક પાવર ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડની જગ્યાઓ માટે અરજી કરનારા લગભગ ૩ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સરકાર રમત રમી રહી છે.

કોંગ્રેસના ધારાસભ્યએ કહ્યું કે ઉમેદવારો ૪૦ ટકા કમિશન માટે સિસ્ટમ સાથે વેપાર કરનારાઓથી ખૂબ નારાજ છે.

ખડગેએ સરકારના ‘હર ઘર તિરંગા’ અભિયાન પર પ્રહારો કર્યા અને કહ્યું કે ભાજપ દેશભક્તિનો ઉપયોગ વ્યવસાય માટે કરી રહી છે. તેમણે કહ્યું કે ભાજપ દેશભક્તિનો પણ વેપાર માટે ઉપયોગ કરી રહી છે. ધ્યાન આકર્ષિત કરવા માટે પોલિએસ્ટર ફલેગનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે ફલેગ કોડમાં સુધારો કરવામાં આવ્યો છે. આનો સૌથી મોટો ફાયદો રિલાયન્સ કંપનીને મળવાનો છે, જેના અધિકારીઓને ફલેગ સેલર બનાવવામાં આવ્યા છે. રેલ્વે કર્મચારીઓના પગારમાંથી ફરજિયાત કાપીને ઝંડા આપવામાં આવી રહ્યા છે.

તેમણે પ્રશ્ન કર્યો હતો કે શું કાશ્મીર ફાઈલ્સ ફિલ્મને ટેક્સમાં છૂટ આપનારી રાજ્ય સરકાર મફતમાં ફલેગ્સનું વિતરણ કરી શકશે? અધિકારીઓએ મને પણ બોલાવ્યો અને ૨૦,૦૦૦ ધ્વજ ખરીદવાની ઓફર કરી. પરંતુ, મેં સંમતિ આપી ન હતી. પોલિએસ્ટર ધ્વજને બદલે અમે કોંગ્રેસ જિલ્લામાંથી ૧૦,૦૦૦ ખાદીના ઝંડાનું વિનામૂલ્યે વિતરણ કરી રહ્યા છીએ.

### ઉન્નાવ ગેંગરેપ મામલો

# પીડિતા બિન જામીનપાત્ર વોરંટ પર રોક લગાવવાની માંગ સાથે સુપ્રીમ કોર્ટના શરણે

નવીદિલ્હી,તા.૧૩

ઉન્નાવ ગેંગરેપ મામલામાં પીડિતાની વિરૂધ્ધ જારી બિનજામીનપાત્ર વોરંટનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.રેપ પીડિતાએ સુપ્રીમ કોર્ટમાં એનબીડબ્લ્યુની વિરૂધ્ધ અરજી દાખલ કરી છે.જેમાં મામલાના ટ્રાયલને દિલ્હી ટ્રાંસફર કરાવવાની માંગ કરી છે.આ સાથે જ અરજીમાં પીડિતાની વિરૂધ્ધ જારી બિનજામીનપાત્ર વોરંટ પર રોક લગાવવાની માંગ પણ કરી છે.માહિતી અનુસાર પીડિતાના વકીલ વૃંદા ગ્રોવરે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે.એ યાદ રહે કે માખી દુર્ષ્કમ કાંડ મામલાથી જોડાયેલ હરપાલ સિંહ દ્વારા દુષ્કર્મ,તેની માતા અને કાકાની વિરૂધ્ધ નકલી ટીસીને લઈ કેસ દાખલ કરાવ્યો હતો ત્યારબાદ કોર્ટે દુષ્કર્મ પીડિતાની વિરૂધ્ધ બિનજામીન પાત્ર જારી કર્યું છે.

દુષ્કર્મ પીડિતાએ દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતી માલીવાલથી પણ મદદ માંગી હતી ત્યારબાદ આયોગ કેસને દિલ્હી ટ્રાંસફર કરાવવાની તૈયારીમાં લાગી ગયું છે સ્વાતી માલીવાલે બે દિવસ પહેલા ટ્વીટ કરી તેની માહિતી આપી હતી.તેમણે લખ્યું હતું કે ઉન્નાવ રેપ પીડિતાની સાથે કુલદીપ સેંગર અને તેના સાથીઓએ બળાત્કાર કર્યો હતો.બળાત્કારના એક આરોપીએ હવે પીડિતાની જ વિરૂધ્ધ યુપીના કોર્ટથી ધરપકડક વોરંટ કાઢયુ છે.અમે પીડિતાની કાનુની લડાઈમાં મદદ કરી રહ્યાં છીએ કેસ દિલ્હી ટ્રાંસફર કરાવવા માટે કોર્ટમાં જઈ રહ્યાં છીએ એ યાદ રહે કે આ મામલામાં યુપીના બાંગરમઉથી પૂર્વ ધારાસભ્ય કુલદીપ સોંગર તિહાડ જેલમાં સજા કાપી રહ્યાં છે વર્ષ ૨૦૧૭માં પીડિતાએ કુલદીપ સેંગર ( ત્યારે ધારાસભ્ય) પર અપહરણ અને બળાત્કારનો આરોપ લગાવ્યો હતો પીડિતા તે સમયે સગીર હોવાનું જણાવાયું હતું પોતાની ઉમરને લઈ તેના દ્વારા સ્કુલની ટીસી પ્રસ્તુત કરવામાં આવી હતી હવે આ ટીસીને નકલી બતાવી આવી રહી છે અને તેને લઈ પીડિતાની વિરૂધ્ધ કોર્ટે બિન જામીન વોરંટ જારી કર્યું છે.

# નુપુર શર્માની હત્યાનું ષડયંત્ર: જૈશ આતંકી ઝબ્બે: ફીદાયીન હુમલાની તૈયારીમાં હતો

### સરકારી ઈમારત અથવા પોલીસ સંકુલ પર ફિદાઈન હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો.

સહારનપુર,તા.૧૩

જૈશ-એ-મોહમ્મદ અને તહરીક-એ-તાલિબાન, પાકિસ્તાન સાથે સંકળાયેલા શંકાસ્પદ આતંકવાદી મોહમ્મદ નદીમની ઉત્તર પ્રદેશના સહારનપુરથી ધરપકડ કરવામાં આવી છે. યુપી એટીએસની પૂછપરછ દરમિયાન, આતંકવાદી નદીમે કહ્યું, ×તેને જૈશ વતી ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્માની હત્યા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.’’ એટીએસનું કહેવું છે કે માહિતી મળી હતી કે ગામ કુંડાકલન, પોલીસ સ્ટેશન ગંગોહ સહારનપુરમાં એક યુવક, જેએમ અને ટીટીપીની વિચારધારાથી પ્રભાવિત છે,ફિદાયીન હુમલાની તૈયારી કરી રહ્યો છે. જે બાદ યુવક ઝડપાયો હતો. પૂછપરછ બાદ તેનો મોબાઈલ જપ્ત કરવામાં આવ્યો છે. ૮ ઓગસ્ટના રોજ એટીએસ નદીમ અને તેના ભાઈ તૈમૂરને લઈ ગઈ હતી. તૈમૂર પણ એટીએસની કસ્ટડીમાં છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આતંકવાદીની પાકિસ્તાનમાં રહેતી બે માસીઓ છે. તે સગપણની આડમાં ટ્રેનિંગ માટે પાકિસ્તાન જવા માંગતો હતો. નદીમને પાંચ ભાઈ અને બે બહેનો છે. શિક્ષિત નથી. આખો પરિવાર ખેડૂત છે નદીમ મૂળ સરસાવાના ઢીકા કાળા ગામનો છે. તેમની પાસે ૫૦ વીઘા ખેતીની જમીન છે.યુપી એટીએસના અધિકારીએ જણાવ્યું હતું કે, ×આતંકવાદી મોહમ્મદ નદીમ તહરીક-એ-તાલિબાન આતંકવાદી સંગઠનના સૈફુલ્લાહ (પાકિસ્તાની) પાસેથી ફિદાયીન હુમલાની તૈયારી માટે સોશિયલ મીડિયા દ્વારા તાલીમ લઈ રહ્યો હતો.’’ તેણે કહ્યું, તે સરકારી ઈમારત અથવા પોલીસ સંકુલ પર ફિદાઈન હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો.

નદીમને અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં કાર્યરત જૈશ-એ-મોહમ્મદ અને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના આતંકવાદીઓ દ્વારા વિશેષ તાલીમ માટે પાકિસ્તાન બોલાવવામાં આવ્યો હતો. તે ઈજિપ્ત થઈને સીરિયા અને અફઘાનિસ્તાન જવાની પણ યોજના બનાવી રહ્યો હતો.

# અદાલતોએ સંવેદનશીલ રહેવું અને પીડિતાનું સન્માન જાળવવું જરૂરી: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમામ અદાલતોએ આ બાબતે વધારે સંવેદનશીલ રહેવું જરૂરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમામ નીચલી અદાળતોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે યૌન ઉત્પીડનના કિસ્સાઓમાં પીડિતાઓને લાગેલ આઘાતની સ્થિતિ, તેમની સામાજિક શરમ અને કલંકની માન્યતા સંબંધે વધારે સંવેદનશીલ રહેવામાં આવે.સુપ્રીમે કહ્યું હતું કે આ પ્રકારનાં કેસમાં અપરાધીઓને પીડિતાની સામેલ લાવવાની પ્રક્રિયા પણ કષ્ટદાયક ન હોવી જોઈએ. એવા કિસ્સાઓમાં કે જ્યાં પોલીસ આ પ્રકારનાં અપરાધોની ફરિયાદનું સમાધાન કરાવવામાં નિષ્ફળ જાય છે ત્યાં ખાસ કોર્ટનું દાયિત્વ વધી જાય છે અને શક્ય હોય ત્યાં સુધી એક જ બેઠકમાં (હિયરિંગમાં) કોર્ટે ઉલટતપાસ પૂરી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ફરિયાદીને માટે પોલીસ ભયમુક્ત વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરે એ પણ આવશ્યક છે. સુપ્રીમે કહ્યું હતું કે કે પીડિતાએ માત્ર ફરિયાદ નોંધાવવા અને ખાસ કરીને પ્રથમ દ્રષ્ટીએ કોગ્નિઝેબલ ગુનો દાખલ કરવા માટે અહીંથી ત્યાં દોડવું ન પડે તેની કાળજી રાખવામાં આવે એ પણ જરૂરી છે. કોર્ટને ઘણી મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી છે.જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જેબી પારડીવાલાની બેન્ચે તેના તાજેતરના ચુકાદામાં આ સંદર્ભમાં નીચલી અદાલતોને ઘણા મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા છે. બેન્ચે કહ્યું હતું કે નીચલી અદાલતોનું એ દાયિત્વ છે કે પોતાની સામે પીડિત વ્યક્તિ સાથે યોગ્ય વર્તન કરવામાં આવે. બેન્ચે કહ્યું હતું કે અમે એક વખત ફરી યૌન ઉત્પીડનની ફરિયાદો સામે અદાલતોને સંવેદનશીલ રહેવાનાં મહત્વનું પુનરાવર્તન કરીએ છીએ. સર્વોચ્ચ અદાલતનો આ નિર્ણય મધ્ય પ્રદેશની એક કથિત દુષ્કર્મ પીડિતાની અપીલ મુદ્દે આવ્યો હતો.બેન્ચે કહ્યું હતું કે આ પ્રકારનાં કેસમાં બંધ બારણે કાર્યવાહીની પરમીશન આપવી જોઈએ. નીચલી અદાલતોએ એક સ્ક્રીન લગાવવા માટેની પરવાનગી આપવી જોઈએ જેથી એ નક્કી થઈ શકે કે મહિલા નિવેદન આપતી વખતે આરોપીને જોઈ શકે નહીં. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે પીડિતા સાથે આરોપીનાં વકીલે પણ સન્માનજનક રીતે વાત કરવી જોઈએ અને તેણીનાં અગાઉનાં શારીરિક સંબંધોની તપાસ કરતી વખતે અયોગ્ય સવાલ ન પૂછવા જોઈએ અને માનમર્યાદા જળવાય તે રીતે વાતચીત થવી જોઈએ.

## તંત્રી સ્થાનેથી...

# મફત 'રેવડી' પર પ્રહાર

'રેવડી કલ્ચર' પર ફરી એક વખત પસ્તાળ પડી છે, તેનું આશ્ચર્ય નહીં. આ વખતે તો દેશની સર્વોચ્ચ અદાલતે બહુ સખત ટિપ્પણી કરી છે. સુપ્રીમે સ્પષ્ટ રીતે કહી દીધું કે રેવડી કલ્ચરને કારણે અર્થવ્યવસ્થાને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. ચૂંટણી સમયે કરાતા મફતના વાયદા ગંભીર મુદ્દો છે, તેનાથી અર્થવ્યવસ્થાને ઘણું નુક્સાન થઈ રહ્યું છે. સુપ્રીમે કેન્દ્ર સરકારને એક સમિતિ બનાવવાનું સૂચન કર્યું છે. જે લોકોને ખરેખર મફત મદદની જરૂર છે અને જેમને એના પર વાંધો છે, બંને પક્ષોને સાંભળ્યા બાદ જ કોઈ સંતુલિત નિર્ણય પર પહોંચી શકાય. ખરેખર ભારત જેવા દેશમાં એક જરૂરિયાતમંદ વર્ગ એવો છે, જેને મફત સેવાઓની જરૂર છે, પરંતુ જે પક્ષો એવી સુવિધા બધા વર્ગને આપવા લાગે છે, તેને જ ખરેખર રેવડી કલ્ચર કહેવાય. જેમ કે દિલ્હીમાં કેજરીવાલની સરકારે મહિલાઓ માટે બસમાં મફત સવારીની રેવડી આપી છે. હવે આ સુવિધાની જરૂર માત્ર ગરીબ-વંચિત મહિલાઓ સુધી જ હોવી જોઈએ, તેને બદલે કોઈપણ મહિલા આ સુવિધાનો લાભ ઉઠાવીને આખરે અર્થતંત્ર પર બોજ જ ઊભો કરે છે. આ તો માત્ર એક જ ઉદાહરણ છે! એટલે જ રેવડી કલ્ચર પર સુપ્રીમની ટિપ્પણી આવ્યા બાદ સૌથી વધુ આક્રમક 'આપ' પાર્ટી જ જોવા મળી છે, કારણ કે તેની રાજનીતિ મહદ્ અંશે 'રેવડી કલ્ચર' પર જ આધારિત છે.

સુપ્રીમમાં કરાયેલી અરજીમાં માંગ કરવામાં આવી હતી કે ચૂંટણી દરમ્યાન મતદારોને લલચાવવા માટે મફતનો વાયદો કરનારા રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવામાં આવે. રાજકીય પક્ષોને પોતાના ઢંઢેરા પ્રત્યે જવાબદાર બનાવવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમે તેને ગંભીર મુદ્દો માન્યો છે, એટલે આવનાર દિવસોમાં રેવડી કલ્ચર માટે કોઈને કોઈ નીતિ કે નિયમ-કાયદાની જોગવાઈ સામે આવી શકે છે. રાજકીય પક્ષો મફત રેવડી પોતાના ખિસ્સામાંથી નથી આપતા એટલે 'મફતનું ચંદન, ઘસ બે લાલિયા' ઉક્તિ અનુસાર કરદાતાઓના પૈસે આવા પક્ષો શ્રેય લેતા ફરે છે. આઝાદી બાદથી જ જનતાને મફત યોજનાઓનો લાભ આપવાની પરંપરા એટલી હદે ઘર કરી ગઈ છે કે મોટાભાગના પક્ષો રેવડી કલ્ચરના આધારે ચૂંટણીઓ જીતવાના પેંતરા રચે છે. મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમનાએ કહ્યું કે જનકલ્યાણની યોજનાઓ અને મફત રેવડી વચ્ચે ભેદ પાડવો જરૂરી છે. સુપ્રીમ કોર્ટે ૩જી ઓગસ્ટે જ કેન્દ્ર સરકાર, નીતિ આયોગ, નાણાં પંચ અને આરબીઆઈ જેવા હિતધારકોને આ ગંભીર વિષય પર મંથન કરવા અને સમાધાનની સલાહ આપવાનું કહ્યું હતું. આ વખતે શીર્ષ અદાલતે સમિતિ બનાવવાની સલાહ આપી છે. જો સરકાર અને સંસ્થાઓ ચુસ્તતાથી જવાબ આપશે, તો આગામી સુનાવણીમાં ૧૭ ઓગસ્ટે સુધારની એક દિશા નક્કી થઈ જશે. એકંદરે આ ગંભીર મુદ્દો બની ગયો છે. દરેક રાજકીય પાર્ટીએ પોતાના દમ પર જ ચૂંટણી લડવી જોઈએ. સરકારી ધનને પોતાની જાગીર માનીને મફતના વાયદા કરવાનું ચલણ ખતમ થવું જોઈએ. વડાપ્રધાન મોદીએ પણ કહ્યું હતું કે રેવડી કલ્ચર દેશના વિકાસ માટે ખતરનાક બની શકે છે.

# પૂર્વ એનસીબી અધિકારી સમીર વાનખેડેને ક્લીન ચિટ, 'જન્મજાત મુસ્લિમ નથી'

મુંબઈ,તા.૧૩

આર્યન ખાન ડ્રગ્સ કેસ બાદ ચર્ચામાં આવેલા એનસીબીના પૂર્વ અધિકારી સમીર વાનખેડેને જાતિ અંગેની તપાસ કરતી સમિતિએ ક્લીન ચિટ આપી છે. મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી નવાબ મલિક શાહરૂખ ખાનના દીકરાને જેલમાં મોકલનારા વાનખેડે પર સતત આરોપો લગાવી રહ્યા હતા. સમીર વાનખેડેએ જાતિના નકલી પ્રમાણપત્રના આધારે નોકરી મેળવી હોવાના આરોપો લગાવાઈ રહ્યા હતા. જોકે આખરે સમીર વાનખેડેને તે મામલે રાહત મળી છે.

ક્લીન ચિટના આદેશમાં લખ્યું છે કે, વાનખેડે જન્મજાત મુસ્લિમ નહોતા. ઉપરાંત એમ પણ સાબિત નથી થતું કે, વાનખેડે તથા તેમના પિતાએ ઈસ્લામ ધર્મ અપનાવી લીધો. જોકે તેઓ મહાર-૩૭ અનુસૂચિત જાતિના હોવાનું સાબિત થાય છે.

કાસ્ટ સ્ક્રુટિની સમિતિના કહેવા પ્રમાણેએનસીપી નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી નવાબ મલિક ઉપરાંત મનોજ સંસારે, અશોક કાંબલે અને સંજય કાંબલેએ સમીર વાનખેડેની જાતિના પ્રમાણપત્ર મામલે ફરિયાદ કરી હતી. તેમાં કોઈ તથ્ય ન મળતાં તે ફરિયાદ રદ કરવામાં આવે છે.

મુંબઈ પોલીસને ૨ ફરિયાદ મળી હતી જેમાં ફરિયાદકર્તાએ લખ્યું હતું કે, વાનખેડેનું જાતિનું પ્રમાણપત્ર નકલી છે અને તે મેળવવા માટે દસ્તાવેજો સાથે છેડછાડ કરવામાં આવેલી છે જેથી તેમને એસસી કેટેગરીમાં નોકરી મળી શકે.

ફરિયાદકર્તાએ પુરાવારૂપે વાનખેડેના જન્મનું પ્રમાણપત્ર અને લગ્નનું પ્રમાણપત્ર આપ્યું હતું. તે ફરિયાદોના આધાર પર પોલીસે એસઆઈટીની રચના કરીને તપાસ આરંભી હતી.

સૌ પ્રથમ મહારાષ્ટ્ર સરકારના મંત્રી નવાબ મલિકે એનસીબીના ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેના જન્મના પ્રમાણપત્ર સામે સવાલો કર્યા હતા. મલિકે પોતાના ટ્વિટર હેન્ડલ પર વાનખેડેના જન્મના પ્રમાણપત્રની કોપી શેર કરી હતી જેમાં વાનખેડેના પિતાનું નામ દાઉદ વાનખેડે લખેલું હતું. સાથે જ એવો આરોપ લગાવવામાં આવ્યો હતો કે, વાનખેડેએ એસસી શ્રેણી અંતર્ગત આઈઆરએસમાં નોકરી મેળવવા માટે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો છે.

# અરૂંધતી ફિલ્મ જોઈને મોક્ષ મેળવવાની લાલસામાં યુવકે પોતાને આગ ચાંપી દેતા મોત

બેંગ્લોર,તા.૧૩

મોક્ષ મેળવવાની લાલસામાં તમે ઘણા કિસ્સાઓમાં લોકોને અચંબિત કરતા પગલાઓ ઉઠાવતા જોયા હશે. આવો જ એક કિસ્સો કર્ણાટકમાં સામે આવ્યો છે. મધુગીરી તાલુકાના ગિદડાઈહનાપલ્યા ગામમાં એક આઘાતજનક ઘટનામાં તેલુગુ હોરર કાલ્પનિક મૂવી 'અરુંધતી'માં બતાવ્યા પ્રમાણે તેને 'મોક્ષ' મળશે એવી માન્યતામાં એક યુવકે આત્મહત્યા કરી લીધી હતી.મૃતક ૨૩ વર્ષીય રેણુકાપ્રસાદે સાંજે ગામની સીમમાં પેટ્રોલ છાંટીને પોતાને આગ ચાંપી દીધી હતી. કેટલાક કન્નડ કાર્યકરોની મદદથી પસાર થતા કેટલાક લોકોએ તેમને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાંથી તેમને બેંગલુરુની વિક્ટોરિયા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. તે હોસ્પિટલમાં ૬૦ ટકા દાઝી ગયો હતો, જેના કારણે તેનું મોત નીપજયું હતું.રેણુકાપ્રસાદ એસએસએલસીની પરીક્ષામાં પુરાવારા ગામની સરકારી શાળામાં ટોપર હતો, જેના પગલે તેના પરિવારના સભ્યોએ તેને ઉચ્ચ અભ્યાસ માટે તુમાકુરુ લઈ ગયા હતા.

# જીવન ઉપયોગી મહાન ઉપદેશ



સંતવાણીમાં ઋષિઓ-સંત મહાત્માઓએ લખ્યું છે કે "મનુષ્યે છ ચીજોનો આશ્રય લેવો જોઇએ." ઈશ્વરીય ગ્રંથોનું અવલંબન, ઋષિ મુનિઓ દ્વારા પ્રચાર કરવામાં આવેલ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું, ખાન પાનની પવિત્રતા, આપણને દુ:ખ આપનારા અને નિન્દા કરનારાઓને પણ દુ:ખ ન આપવું તથા નિંદા ન કરવી, નિષિધ્ધ કર્મોથી દૂર રહેવું અને જે કંઇ આપવાનો વિચાર થાય તેનો તુરંત જ અમલ કરવો.

જ્યાં સુધી અમારી જીવન યાત્રા ચાલે છે ત્યાં સુધી અમારે કંઇને કંઇ તો કરવું જ પડતું હોય છે. અમે કંઇ જ ના કરીએ તો પણ અમારૂં શરીરરૂપી યંત્ર તો કામ કરતું જ રહે છે.અમે અમારી પોતાની મરજીથી જે કંઇ કાર્યો કરીએ છીએ તેમાં ભૂલો થવાની સંભાવના રહે છે,અમારી શક્તિ નિરર્થક જાય છે પરંતુ જો અમે અનુભવના આધારે બોલેલા વચનો અનુસાર કાર્યો કરીએ તો અમોને પુરેપુરો લાભ થાય છે અને અમારી શક્તિ નષ્ટ થતી નથી.મનુષ્યમાત્રએ બે વાતો ખાસ યાદ રાખવી જોઇએ કે "સંસાર મિથ્યા છે તેને છોડીને એક દિવસ જવાનું છે અને ક્યાં જવાનું છે? તેની જાણકારી મેળવવા હંમેશાં ઉત્સુક રહેવું જોઇએ." અમારી સત્તા અને વાસ્તવિકતા તો પ્રભુ પરમાત્મા છે તેમને અમારે જાણવાના છે, આના માટે અમોને સંતો મહાત્માઓ પાસેથી માર્ગદર્શન મળે છે.

સંતો અમોને સમજાવે છે કે જો પુસ્તકો તથા ગ્રંથો વાંચવાની ભાવના હોય તો ઈશ્વરીય ગ્રંથોનું અધ્યયન કરવું જોઇએ કારણ કે ઈશ્વરને જાણવા એ આપણું મુખ્ય લક્ષ્ય છે.પ્રાચિન યુગમાં માતા-પિતા બાળકોને ઋષિ મુનિઓની પાસે તેમના આશ્રમમાં મોકલી આપતા હતા કારણ કે તેઓ સમજતા હતા કે મનુષ્યનું મુખ્ય લક્ષ્ય તો ઈશ્વરને જાણવા એ છે.ત્યાં ખાવા પીવાની કોઇ કમી ન હતી.તમામ પ્રકારની સુખ સુવિધાઓ હોવા છતાં મનુષ્યએ પોતાના લક્ષ્યને ભુલવું જોઇએ નહી.અન્ય પુસ્તકો વાંચવાથી મનુષ્ય પ્રકૃતિની સાથે જોડાય છે જ્યારે ઈશ્વરીય ગ્રંથો વાંચવાથી ભલે મનુષ્ય લક્ષ્યની પ્રાપ્તિ ના કરે પરંતુ લક્ષ્યની સાથે જોડાઇ રહે છે.

બીજી વાત સંતો અમોને સમજાવે છે કે "ઋષિ મુનિઓ દ્વારા પ્રચાર કરવામાં આવેલ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું જોઇએ." કહેવામાં આવે છે કે ઈશ્વર સંતોના મુખના માધ્યમથી બોલતા હોય છે.જ્યારે પ્રભુ પરમાત્મા કોઇનું ભલું કરવા ઈચ્છે છે તો તે સંતોના માધ્યમથી સંસારને સંદેશ આપે છે કે આવાં આવાં કર્મો કરો.આમ સંતોના વચનોને જીવનમાં કર્મરૂપમાં અપનાવનાર સુખી જીવન જીવે છે, તે તમામનું ભલું ઈચ્છે છે, ઈર્ષા નિંદા ચુગલીથી દૂર રહે છે, હદયમાં બદલાની ભાવના રાખતા નથી તેથી તે હંમેશાં પ્રસન્ન રહે છે.

યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજ (નિરંકારી બાબા) પોતાના પ્રસિધ્ધ ગ્રંથ "અવતારવાણી" માં લખે છે કે "જે ઈશ્વરને શોધે દુનિયા સંત હદયમાં વાસ કરે, સંતની જિહ્વા ઉપર બેસી અમૃતવાણી રૂપે વહે. સમય ગયા પછી હાથ ના આવે કર્મ કરો જે કરવું છે, ભૂલીને સઘળી માન મોટાઇ સંત ચરણ શીશ ધરવું છે. ધન્ય ધન્ય છે એ માનવને જેને એ કામ કીધું, વચન ગુરૂનું ધારી હદયમાં જોઇ પ્રભુનું ધામ કીધું. પ્રભુ પ્રિતને જે લઇ શકતો એ વિરલો વ્યાપારી છે, 'અવતાર' નામના વ્યાપારી પર વારંવાર બલિહારી છે."ત્રીજી વાત સંતો અમોને સમજાવે છે કે "ખાવા પીવામાં પવિત્રતા રાખો." જીવન જીવવા માટે ખાવો-પીવો પરંતુ ખાવા-પીવા માટે જ ના જીવો. ખાવા-પીવામાં બનાવટ ના હોવી જોઇએ. લોભ અને દેખાડાપણાનો ભાવ ના હોવો જોઇએ.ખાવા પીવામાં પવિત્રતા ખુબ જ જરૂરી છે.મનુષ્યની જે સ્વાભાવિક વૃત્તિ સ્થિતિ બને છે તેમાં આહાર પણ એક કારણ છે. કહેવત છે કે "જેવું ખાય અન્ન તેવું થાય મન." આમ સાત્વિક આહારથી સાત્વિક વૃત્તિ બને છે. ઉપનિષદ કહે છે કે "અન્નમય હિ સૌમ્ય મન." જેવું અન્ન હોય છે તેવું જ મન બને છે. અન્નની અસર મન ઉપર પડે છે. અન્નના સૂક્ષ્માભાગથી મન(અંત:કરણ) બને છે, બીજા નંબરના ભાગથી વિર્ય, ત્રીજા ભાગથી લોહી અને ચોથા ભાગથી મળ બને છે. આથી મનને શુધ્ધ બનાવવા માટે ભોજન શુધ્ધ પવિત્ર હોવું જોઇએ. જ્યાં ભોજન કરીએ છીએ ત્યાંનું સ્થાન,વાયુ મંડળ,દશ્ય તથા જેના ઉપર બેસીને ભોજન કરીએ છીએ તે આસન પણ શુધ્ધ પવિત્ર હોવું જોઇએ. ભોજન બનાવવાવાળાના ભાવો, વિચારો પણ શુધ્ધ સાત્વિક હોવા જોઇએ. ભોજન કરતાં પહેલાં હાથ પગ અને મુખ શુધ્ધ પવિત્ર જળથી ધોઇ લેવાં પછી પૂર્વ કે ઉત્તર દિશાની તરફ મુખ રાખીને શુધ્ધ આસન ઉપર બેસીને ભોજનની તમામ ચીજોને ભગવાનને અર્પણ કરીને જ ભોજન શરૂ કરવું.પ્રત્યેક કોળિયો મુખમાં મુક્યા પછી બત્રીસવાર ચાવવાથી જ તે ભોજન સુપાચ્ય અને આરોગ્યદાયક થાય છે.ભોજન કરતી વેળાએ મનને શાંત તથા પ્રસન્ન રાખવું જોઇએ. શુધ્ધ નીતિની કમાણીના પૈસાથી અનાજ વગેરે પદાર્થો ખરીદવામાં આવે, રસોઇ પવિત્ર જગ્યાએ સ્વચ્છ વસ્ત્ર પહેરીને, પવિત્રતાપૂર્વક બનાવવામાં આવે, ભોજન ભગવાનને અર્પણ કરવામાં આવે અને ભગવાનનું નામ-ચિન્તન કરતાં કરતાં પ્રસાદ બુધ્ધિથી ભોજન ગ્રહણ કરવામાં આવે તો એવું ભોજન સાત્વિક ભોજન કહેવાય છે.

ચોથી વાત અમોને સંતો સમજાવે છે કે "આપણને દુ:ખ આપનારા અને નિન્દા કરનારાઓને પણ દુ:ખ ના આપવું તથા તેમની નિંદા ન કરવી." અમોને જે દુ:ખ આપી રહ્યા છે તે પહેલાંથી જ અમારાથી વધુ દુ:ખી છે, જો અમે તેમને વધુ દુ:ખ આપીશું તો અમારામાં બદલાની ભાવના આવી જશે એટલે જે અમોને દુ:ખ આપે છે તેમને ક્યારેય દુ:ખ ના આપવું અને જો અમારી નિંદા થાય તો તેના અનુસાર અમારામાં સુધારો કરવાનો પ્રયાસ કરવો પરંતુ ક્યારેય અમારી નિંદા કરનારની નિંદા ન કરવી પરંતુ તેમનો આભાર માનવો તેનાથી અમારી ઉન્નતિ થશે તેમાં શંકા નથી.

પાંચમી વાત સંતો સમજાવે છે કે "અમારે નિષિધ્ધ કર્મોથી દૂર રહેવાનું છે" એવા કામો કે જે ન કરવાની સંત મહાપુરૂષોએ પ્રેરણા આપી છે તે તથા જે કામો કરવાથી અમારી અવનતિ થાય છે તેવા કામ ક્યારેય ન કરવા.દારૂ પીવો,અસત્ય ભાષણ, જુગાર રમવો,વ્યભિચાર,હિંસા,અનીતિની કમાણી..વગેરે કર્મો ત્યજી દેવાં.

છઠ્ઠી વાત સંતો સમજાવે છે કે "જે કંઇ દાન આપવાના શુભ સંકલ્પની સ્ફુરણા થાય તેનો તુરંત જ અમલ કરી દેવો." સામાન્ય રીતે મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કે તે કોઇને પણ કોઇપણ ચીજ આપવા ઈચ્છતો જ નથી પરંતુ ક્યારેક કોઇને કંઇપણ આપવાની ભાવના જાગે તો આ કામ તુરંત જ કરી દેવું. જીવનમાં આપણે જે કંઇ ખાધું પીધું, ભોગવ્યું તેની કોઇ કિંમત નથી. આપણે બીજાને કેટલું આપ્યું? તેનું જ મૂલ્ય છે. સંતો મહાપુરૂષોએ અમોને જે કંઇ ઉપદેશ આપે છે અમે હદયથી તેનો અમલ કરીએ કારણ કે તેમના ઉપદેશને જીવનમાં અપનાવવાથી જ અમારૂં જીવન સુખી સમુદ્ધ અને આનંદથી ભરપૂર બને છે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ભારતમાં કોવિડ-૧૯ના ૧૫,૮૧૫ નવા કેસ, દિલ્હી સહિત ૪ રાજ્યોમાં દર્દીઓની સૌથી વધુ સંખ્યા



નવીદિલ્હી,તા.૧૩

દેશમાં કોરોના સંક્રમિતોની ઝડપ ફરી એકવાર ઝડપી થવા લાગી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫,૮૧૫ નવા કેસ નોંધાયા છે અને ૨૦,૦૧૮ લોકો સાજા થયા છે. દેશમાં હાલમાં કોરોનાના ૧,૧૯,૨૬૪ સક્રિય કેસ છે અને દૈનિક હકારાત્મકતા દર ૪.૩૬% છે.

ગઈકાલના કેસ સાથે આજના આંકડાની સરખામણી કરો, ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧ હજાર ઓછા કેસ નોંધાયા છે. ગઈકાલે એટલે કે ૧૨ ઓગસ્ટે દેશમાં કોવિડના ૧૬,૫૬૧ નવા કેસ સામે આવ્યા હતા. જ્યારે ૧૧ ઓગસ્ટના રોજ ૧૬,૨૯૯ નવા કેસ નોંધાયા હતા. ૯ ઓગસ્ટે ૧૨,૭૫૧, ૮ ઓગસ્ટે ૧૬૧૬૭, ૭ ઓગસ્ટે ૧૮,૭૩૮, ૬ ઓગસ્ટે ૧૯,૪૦૬, ૪ ઓગસ્ટે ૧૯,૮૯૩ અને ૩ ઓગસ્ટે ૧૭,૧૩૫ નવા કેસ નોંધાયા હતા.

દેશની રાજધાની દિલ્હીની વાત કરીએ તો, દરરોજ પસાર થતા કોરોનાના કેસ વધી રહ્યા છે. ૧૨ ઓગસ્ટના રોજ દાખલ કરાયેલા રિપોર્ટ અનુસાર દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના બે હજારથી વધુ નવા કેસ નોંધાયા છે, જ્યારે આ ચેપને કારણે ૧૦ લોકોના મોત થયા છે. આ સતત ૧૦મો દિવસ છે જયારે રાજધાનીમાં આવતા પોઝિટિવ લોકોની સંખ્યા ૨ હજારને વટાવી ગઈ છે.દરરોજ વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને, દિલ્હીમાં માસ્ક ન પહેરવા માટે દંડનો નિયમ પાછો ફર્યો છે. સરકારે નિર્ણય લીધો છે કે જાહેર સ્થળોએ માસ્ક ન પહેરવા પર ૫૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૮૦૦ થી વધુ નવા કેસ નોંધાયા છે. અગાઉ ૧૦ ઓગસ્ટના રોજ, મુંબઈમાં ૮૫૨ કેસ નોંધાયા હતા, જે ૧ જુલાઈ પછી નવા કેસોની સૌથી વધુ સંખ્યા હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને એક બુલેટિન જારી કરીને જણાવ્યું છે કે મુંબઈમાં કોવિડ-૧૯ની કુલ સંખ્યા હવે વધીને ૧૧ લાખ ૩૦ હજાર ૮૩૯ થઈ ગઈ છે.

# ગુજરાતમાં બળાત્કારના કેસમાં જામીન મેળવવા માટે આસારામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી


નવીદિલ્હી,તા.૧૩

ગુજરાતમાં બળાત્કારના કેસમાં જામીન મેળવવા માટે આસારામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરીને ગુજરાત સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. અરજીમાં ગુજરાત હાઈકોર્ટના તે નિર્ણયને પડકારવામાં આવ્યો છે જેણે ૨૦૧૩માં તેની સામે દાખલ કરાયેલા બળાત્કારના કેસમાં તેની જામીન અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ અજય રસ્તોગી અને જસ્ટિસ સીટી રવિકુમારની ખંડપીઠે સંત આસારામની અરજી પર ગુજરાત સરકારને નોટિસ પાઠવીને તેનો જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટ હવે આ મામલે આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બરે કરશે. આ અરજી એડવોકેટ-ઓન-રેકોર્ડ અમિત પાઈ દ્વારા દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં આસારામ વતી વરિષ્ઠ વકીલ દેવદત્ત કામત અને એડવોકેટ રાજેશ ઈનામદાર હાજર રહ્યા હતા.

સેલ્ફસ્ટાઈલ ગોડમેન આસારામે તેની ઉંમર, બીમારી અને ટ્રાયલના નિષ્કર્ષ પર પહોંચવાના કોઈ સંકેતને ટાંકીને સહાનુભૂતિપૂર્વક વિચારીને જામીન માંગ્યા છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેમની ઉંમર ૮૦ વર્ષને વટાવી ચૂકી છે. તેમની તબિયત સતત બગડી રહી છે. વાસ્તવમાં આસારામ પર ગુજરાતની બે બહેનોને ગેરકાયદેસર રીતે બંધક બનાવવા અને બળાત્કાર કરવાના આરોપનો સામનો કરવો પડી રહ્યો છે.આ કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાને પગલે ૧૦ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.જે.દેસાઈએ તેમની જામીન અરજી ફગાવી દેતાં ગાંધીનગર સેશન્સ કોર્ટને ૪ મહિનામાં કેસની ટ્રાયલ પૂર્ણ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. પરંતુ સંત આસારામની દલીલ છે કે તેઓ ૯ વર્ષથી જેલમાં છે. હજુ સુધી કેસની સુનાવણી કોઈપણ સમયમર્યાદામાં પૂર્ણ થવાના કોઈ સંકેત નથી. આવી સ્થિતિમાં કોર્ટે તેના જામીન પર સુનાવણી કરીને તેને મુક્ત કરવાનો નિર્દેશ આપવો જોઈએ જેથી તેને સારી સારવાર મળી શકે.

અરજીમાં એવી પણ દલીલ કરવામાં આવી હતી કે તેઓ રાજસ્થાનમાં તેમની સામે દાખલ કરાયેલા અન્ય કેસમાં તેમની સજાને સ્થગિત કરવામાં અસમર્થ છે. કારણ કે તે ગુજરાતમાં ટ્રાયલનો સામનો કરી રહ્યો છે. આપને જણાવી દઈએ કે આસારામને રાજસ્થાનની વિશેષ અદાલતે તેના આશ્રમમાં સગીર બાળકી પર બળાત્કાર ગુજારવા બદલ આજીવન કેદની સજા સંભળાવી હતી. આટલું જ નહીં, ગુજરાતના સુરતની બે બહેનોએ આસારામ અને તેના પુત્ર નારાયણ સાંઈ સામે બળાત્કાર અને ગેરકાયદેસર રીતે ગોંધી રાખવાની અલગ-અલગ ફરિયાદો નોંધાવી હતી.પીડિતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૦૧ થી ૨૦૦૬ દરમિયાન જ્યારે તે અમદાવાદના મોટેરામાં આસારામના આશ્રમમાં રહેતી હતી ત્યારે તેણીનું વારંવાર યૌન શોષણ થયું હતું.

# મૃત્યુ પામેલા પ્રાણીઓ માટે દરેક રાજ્યોમાં પૂરતી સંખ્યામાં દફનગૃહ અને તેમને બાળવા માટેના સાધન બનાવવા માટે એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવતી એડવાઈઝરી



એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (AWBI) એ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ, ૧૯૬૦ હેઠળ સ્થાપિત એક વૈધાનિક સંસ્થા છે અને તે પ્રાણીઓના અધિકારોના રક્ષણ અને રક્ષણ માટે તેમજ પ્રાણીઓની પાંચ સ્વતંત્રતાઓની ખાતરી અને કોઈપણ પ્રાણીઓને કોઈપણ પ્રાણીને બિનજરૂરી પીડા અથવા વેદનાને થતી નથી તેવી ખાતરી કરતી સર્વોચ્ચ સંસ્થા છે.

શ્વાન ભારતમાં સૌથી વધુ લોકપ્રિય પાળતુ પ્રાણી છે, ૨૦૧૮ની વસ્તી ગણતરી મુજબ આશરે ૧૯.૫ મિલિયન પાલતુ શ્વાન હતા જે ૨૦૨૩ના અંત સુધીમાં અંદાજિત ૩૧ મિલિયન સુધી પહોંચી શકે છે. ભારતમાં લગભગ ૬.૨ કરોડ રખડતા કૂતરા અને ૯૧ લાખ બિલાડીઓ છે. ઉપરાંત, શેલ્ટર હોમમાં ૮૮ લાખ કૂતરા અને બિલાડીઓ છે. તેથી જ સરકાર દ્વારા શરૂ કરવામાં આવતી પશુ કલ્યાણની દરેક યોજનાઓને સમર્થન આપવું ખૂબ જ જરૂરી છે.

વ્યક્તિના જીવનમાં આવતા પાલતુ પ્રાણી એક કારણસર આવે છે. તેઓ આપણને બિનશરતી પ્રેમ, પ્રતિબદ્ધતા અને વફાદારી શીખવે છે. તેમના જીવનમાંથી આપણે ઘણું શીખીએ છીએ અને પછી એક દિવસ કઠોર વાસ્તવિકતાનો સામનો કરવો પડે છે. આવા સમયે વ્યક્તિએ તેનો સમયસર અંતિમ સંસ્કાર કરીને તેને સન્માન સાથે વિદાય આપવી જોઈએ. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને પશુ કલ્યાણ વિભાગ દ્વારા એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે જેમાં જણાવામાં આવ્યું છે કે , પશુઓના મૃત્યુદરમાં થતી ખોટ એ પશુધન ઉત્પાદન સુવિધાનો સામાન્ય ભાગ છે. વર્ષ ૨૦૧૯માં દેશમાં કુલ પશુઓની સંખ્યા ૧૯૨.૪૯ મિલિયન હતી , શબનો સલામત નિકાલ એ રોજિંદા, રોગના સંક્રમણને રોકવા અને હવા અને રક્ષણ માટે પશુધન અને અન્ય પ્રાણીઓના મૃત્યુદરનું નિયમિત સંચાલન માટે એક મહત્વપૂર્ણ મુદ્દો છે.

પાણીની ગુણવત્તા, રેન્ડરિંગ, ભસ્મીકરણ, દફન અને ખાતર સહિત મૃત્યુદર માટે પ્રાણીઓના અંતિમ સંસ્કાર મહત્વનો મુદો છે. ઘણા પાલતુ માલિકો તેમના પાળતુ પ્રાણીને આદરપૂર્વક અંતિમ સંસ્કાર કરાવવા ઘણી દોડધામ કરેલી છે મોટાભાગના લોકોની માન્યતા છે કે, સ્મશાનમાં અંતિમ સંસ્કાર કરવાથી પાલતુ પ્રાણીઓની આત્માને શાંતિ મળે છે. આ એડવાઈઝરીમાં વધુમાં જણાવામાં આવ્યું હતુ કે, સ્વચ્છ ભારત મિશન ભારતમાં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૧૪ માં ×સ્વચ્છતા તરફ એક પગલું× અથવા સ્વચ્છ ભારત અભિયાનના સૂત્ર સાથે શરૂ કરવામાં આવ્યું હતું. રખડતા પ્રાણીઓ અને પાળેલા પ્રાણીઓના શબનો અંતિમ સંસ્કાર દ્વારા નિકાલ સ્વચ્છ ભારત મિશનમાં ફાળો આપશે અને પર્યાવરણને સ્વચ્છ બનાવશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, પર્યાવરણને સ્વચ્છ બનાવવા અને લોકોની લાગણીઓને માન આપવા પશુ કલ્યાણ વિભાગ દ્વારા દરેક રાજ્યના દરેક જિલ્લામાં અને યુટીએસમાં શબના નિકાલ માટે પૂરતી સંખ્યામાં પશુ સ્મશાનગૃહો અને અગ્નિદાહની સ્થાપના કરવામાં આવે તેવું સૂચન કરાયું છે તેમ ગિરીશભાઈ શાહ (સભ્ય-એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, ભારત સરકાર)ની યાદીમાં જણાવાયું છે.

## સ્વતંત્રતા દિવસ – કવિતા

### તમે નાગરિક ધર્મ નિભાવોને



તમે નાગરિક ધર્મ નિભાવોને
દેશ દેશ ખાલી શું કરો છો, તમારો
દ્વેષ ઉતારોને
દેશ આગળ લઈ જવાં,સૌને ભાઈ-
બહેન માનોને
૩૭૦ ૩૭૦ શું કરો છો,કાશ્મીર મુદ્દો
પતી ગ્યો હાલો
માઁ ને રાજી કરવાં , નાત-ધર્મ-પ્રાંત-
પક્ષ ફગાવોને
વિશ્વગુરુ માત્ર સ્વપ્રવાથી થવાશે શું
વિશ્વગુરુ?
ચા વેચતાં ઓલાં છોટુને, તમેય થોડું ભણાવોને
ગંદકી ગંદકી શું કરો છો,એમ થાશે ભારત સ્વચ્છ?
તમારા મન અંદરની ગંદકીને , તમેય ઝાડું મારોને
સરકાર કરે સરકાર કરે, અસરકારક બોલ્યાં કરો
દેશ સોના નગરી બનાવવાં , તમે ય કામ આવોને
ભ્રષ્ટાચાર-કામચોરી કરવાંથી સુધરશે શું સ્થિતિ?
હું સુધરીશ દેશ સુધરશે, દાખલો બની બતાવોને
ગૌહત્યા અટકાવવાં ઘરેઘરે તમેય ગાય વસાવોને
રામમંદિર બને એ સાથેસાથે,હૈયે ય રામ વસાવોને
મારે શું?,મારું શું?,હુ શું કરી શકું? એ વિચાર્યા કર્યું
યથા પ્રજા તથા રાજા,તમે નાગરિક ધર્મ નિભાવોને
ડાહી ડાહી ફિશિયારી તો બહુ કરી દેશભક્તિની
મોબાઈલ ફોરવર્ડથી વધુ,અમલમાં મૂકી બતાવોને
ઉપાડનારાં ઉપાડશે ગોવર્ધન, બંધાશે સેતુબંધ પણ
ગોવાળ-ખિસકોલી બની, તમારું કર્મ ય દિપાવોને
~ મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## આજે પાછા રાજુ રદીએ બુલેટ ટ્રેનની સુપરડુપર સ્પીડથી મારા ઘરના પ્લેટફોર્મ પર આગમન કર્યું!!

રાજુ રદી વિશે તમે જાણો જ છો કે નહીં? તમને થશે કે રાજુ રદી કોણ? સાચી અટક વદી હશે કે સદી હશે? એ પ્રાગૈતિહાસિક કાળથી રદી તરીકે ઈતિહાસના પૃષ્ઠો પર અંકિત હશે કે કળિયુગ કે દ્વાપર , ત્રેતા કે સતયુગ સમયથી. બિનઐતિહાસિક પુરાવાની મૂલવણી કરીએ તો કશી પુરવણી ( પુરાવાની નારી જાતિ) સંપ્રાપ્ત થતી નથી!! (શું કાંદા કાઢ્યા સવાલ કરીને? જવાબ કાંદા નહીં કાઢ્યા!!!)

વાંદરા ટોપી એ રાજુ રદીનો ટ્રેડમાર્ક . સિઝન ગમે તે હોય પણ રાજુના માથા પર વાંદરા ટોપી હોય હોય અને હોય જ.

રાજુ રદીએ મને છાપું ધર્યું.

" બોલો છાપું કેવું છે, ગીરધરભાઇ?"

"આમ, તો લંબચોરસ લાગે છે?"

"એમ નહીં"

"તો?"

" આ સમાચાર વાંચો"

" કેમ તને વાંચતા નથી આવડતું?"

" ગીરધરભાઇ મોટા કોર્ટના મોટા જજ રીટાયક થયા. તેની ફેરવેલમાં મોનીટર જજ સાહેબે ક્હ્યું કે જજ જ્યુડિયરી જગતના સિંહ હતા. અમે સિંહ ગુમાવ્યો છે"

"હમમમ"

" ગીરધરભાઇ ખાટલે મોટી એ ખોડ છે કે કોર્ટના જગતમાં બધા એકબીજાને ખુબ માન આપે. માય લોર્ડ, માય લોર્ડશીપ, યોર ઑનર , યોર મેજેસ્ટી કહીને જજ સાહેબને પાણી પાણી કરી નાંખે પછી કાળા કોટવાળના કેસ જીતી જ જાયને?"

" રાજુ ગોળ નાંખીએ એટલું ગળ્યું થાય" મેં મમરો મુકયો!!

" ગીરધરભાઇ જે વકીલ ઢઢાનો ઢ હોય,આવડતના નામે અક્કલનો ઓથમીર ને કોથમીર હોય , જેની પાસે વીસ રૂપરડીની એફિડેવિટ કરવાની ઔકાત ન હોય તેને પણ સામેનો વકીલ મારા વિદ્વાન અને બાહોશ વકીલમિત્ર તરીકે સંબોધન કરે" રાજુએ વકીલનામાનું ચેપ્ટર વાંચી નાંખ્યું

" ગીરધરભાઇ ડયુડિશિયરીમાં વાઘ,સિંહ, ઘેટા, બકરા,ઘોડા વગેરે કયાં કાયદા., બંધારણના અનુચ્છેદ,નિયમ, વિનિયમ, બાય લોઝ, પ્રોવિજોથી દાખલ થયા અમલની તારીખનું ગેઝેટ થયેલું , કંઈ કોર્ટના ચુકાદાની રિપોર્ટ બુકમાં આવેલ વગેરેનો કોઇ ફોડ પાડયો નથી" રાજુએ પહેલીવાર મારા સંગે રહીને શીખીને લોજીકલ વાત કરી.

" હેએં ગીરધરભાઇ જ્યુડિશિયરીનો પહેલો સિંહ કોણ હશે?"

જો રાજુ હું કદી કોરટના પગથિયા ચડ્યો નથી"

" ઘોડે ચડ્યા ન હોય પણ જાનમાં તો ગયા છો કે નહીં?"રાજુએ બોડી લાઇન બોલિંગ શરૂ કરી"

" ગીરધરભાઇ અલ્હાબાદ હાઇકોર્ટના જજ જેમણે ઇંદિરા ગાંધીની ચૂંટણી રદ કરેલ તે આદિ સિંહ" રાજુએ રહસ્યોદઘાટન કર્યું!!

" રાજુ જે જજ પર ઇમ્પિચમેન્ચ થયેલ તે જજ?"

"ગીરઘરભાઇ તે કરપ્ટ પેન્થર"

તો પછી રીટાયર થયા પછી કોઇ પંચ કે કમિશનમાં પાછા ચિટ્ટુક ચોંટી જાય તે જજ?"

"ફેવિકોલ સિંહ"

રીટાયર થયા પછી કો રાજ્યના રાજ્યપાલ થાય તે?"

" લાલચું શિયાળ"

મોટા મોનિટર જજ સામે પ્રેસ કોન્ફરન્સ કરી આબરૂ કાઢે તે જજો?

"પ્રસિધ્ધિ પેરોટ"

મહારાષ્ટ્રના કમોતે મરેલ જજ?"

"શહીદ સિંહ"

મોટી કોર્ટના મોનિટર જજ તરીકે રીટાયર થયા પછી મોટા-વડીલ ગૃહના મેમ્બર થયેલ જજ?"

રાજુ તે શું ધારી છે? મને કન્ટેમ્પટ ઓફ કોર્ટમાં જેલની ચકી પિસાવવી છે?"

રાજુ શતાબ્દી એકસપ્રેસની સ્પીડ પેસથી કલ્ટી મારી.

ભરત વૈષ્ણવ

૧૩.૮.૨૦૨૧.

( આ લેખ કાલ્પનિક છે. બંધબેસતી પાઘડી પહેરવી/પહેરાવવી નહીં) # હાસ્યલેખ

## શેરબજાર

લાખ રૂપિયાની રાખ થશે,
બાર હજારના લાખ થશે.
શેરબજારના રવાડે ચડો,
ખુદની શાખ ખાખ થશે.
વાવાઝોડાની જેમ ત્રાટકશે,
તેજીનો આખલો માખ થશે.
લીધા દીધાના વાયદે લટક્યા,
એટલે બધું ખાનાખરાબ થશે.
કંપની બનાવીને પબ્લિક ઈસ્યુમાં
રૂપિયાની ગડી અબરખ થશે
પ્રાયમરી-સેકન્ડરી કેટલા પ્રકાર?
તરણું ઝાલી તરવાનો શોખ થશે!!
ઘર,બાર,વાડી,વજીફા ખુવાર થયા,
ઘોડાદોડ ખુવાર થવાનો કુશોખ થશે.!!
ભરત વૈષ્ણવ
૧૩.૮.૨૦૨૧#કવિતા

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO - 0037
વિષય - મનોકામના.
વિભાગ - પદ્ય.
શીર્ષક - અવિરત કામનાઓ
તા.૧૩/૦૮/૨૨
રચના....
મનોકામનાઓને હોય પાંખો,
દૂર ગગને વિહરતી અવિરત..!
માનવ નામનું પંખી,
મનોકામનાઓ નું પોટલું..!
માનવ માત્રને, એકજ મુશ્કેલી,
જન્મથી મૃત્યુ સુધી....!
સઘળો કરે સંઘર્ષ કામનાઓ માટે,
મનોકામનાઓનું કરે મનોમંથન...!
સઘળું મળવા છતાં,
કામનાઓ અપૂર્ણ રહે...!
મળે છે, એ ગમતું નથી,
ગમે છે, એ મળતું નથી...!
સઘળું મળી રહે આસાનીથી,
તો જિંદગી જીવવાની આશ શું...?
હેમલતા દિવેચા "હેમ" જૂનાગઢ.

..................................

: N.O.G. S. S. No. 0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ-. મનોકામના.
પ્રકારઃ-. ગદ્ય લેખ.
શીર્ષકઃ- મનોકામનાઓ
તારીખઃ- ૧૩/૮/૨૦૨૨. શનિવાર.
રચનાઃ-.

દરેક માનવીને પોત પોતાની અનેક પ્રકારની મનોકામનાઓ હોતી હોય છે. આ મનોકામનાઓને પૂર્ણ કરવા માટે તે સતત મહેનત કરતો હતો હોય છે. તેની ઈચ્છા તેના અરમાન તેના પ્રયત્નો તેની મનોકામના પૂર્ણ કરવા માટે જ હોતા હોય છે.

દરેકની મનોકામના શુભ પણ નથી હોતી. કેટલીક લોકો મનોકામના પૂર્ણ કરવા માટે પણ માણસ સાચા-ખોટા અનેક પ્રકારના પ્રયત્નો કરતા હોય છે. ક્યારેક સફળતા મળે તો ક્યારેક આવી ખોટી મનોકામના પૂર્ણ કરતા તે ભારે ફસાઈ જાય છે. તેનું જિંદગીનું આખું વહેણ બદલી જાય છે.

માનવીની મનોકામના પૂર્ણ કરવા માટેની મનોવૃત્તિ એ સ્વયંલક્ષી ન હોવા હોવી જોઈએ . તેનાથી બીજાને લાભ થાય તેવા પ્રકારની મનોકામના હોવી એ પણ જરૂરી છે. તેને માટેના તેને પ્રયત્નો પણ કરવા જોઈએ.

દેશમાં આજે અનેક પ્રશ્નો છે આ પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે પોતે પોતાનું યોગદાન આપે એ જરૂરી છે .માનવ ગરીબી, નિર્ધનતા ,અને ઘણા બધા પ્રશ્નોથી ઘેરાયેલો હતો હોય છે. આવા સમયમાં માનવ માનવને કેવી રીતે મદદરૂપ થવું તે પ્રકારની મનોવૃત્તિથી માનવીએ પ્રયત્ન કરવા જોઈએ.

બધા લોકો સુખી થાય .બધા લોકોનો કલ્યાણ થાય ,સર્વે પ્રાણી માત્રનું કલ્યાણ થાય, તેવા પ્રકારની મનોકામનાઓ કરી અને તે પ્રકારના માનવીએ પ્રયત્ન કરવા જોઈએ.

મારો દેશ મને શું આપે છે તે ન જોતા મારો દેશને માટે હું શું કરી શકું છું એ પ્રકારના પ્રયત્ન માનવીએ કરવા એ જરૂરી છે . તો જ દેશ આગળ આવી શકે.

માનવીએ પોતાના કુટુંબ, સમાજ, પોતાની જાતિ પોતાનું ગામ તેમજ આસપાસમાં પોતે બીજાનું શું ભલું કરી શકે છે તે પ્રકારની વિચારસરણી હોય અને તેવા તેના પ્રયત્નો હોય એ આજે દરેકને માટે ખૂબ જરૂરી છે.

પોતાની ઈચ્છા ની પૂર્તિ માટે જે કોઈ મનોકામના હોય સાથે સાથે બીજાનું પણ ભલું સુખ અને શાંતિનો વિચાર કરી અને માનવીએ તે પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ.

લેખકઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ૧૩/૮/૨૦૨૨.શનિવાર.

..................................

NOG SS No/0044
વિષયઃ- મનોકામના
પ્રકારઃ- અછંદાસ
શીર્ષકઃ- જિંદગી
શબ્દોઃ- ૧૬
નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.
સ્મશાન તણી આગમાં,
મનોકામના બધી થશે રાખ.
મનનાં ઓરતા મનમાં રહેશે
જીવી લો જિંદગી તરબતર પ્રેમથી.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

..................................

ફ્ર્ર જીજી -૦૧૧૯
શબ્દ : મનોકામના
પ્રકાર : ગદ્ય
શિર્ષક : શ્રધ્ધા હોય તો મનોકામના પૂર્ણ કરી શકાય.

જગતના કોઈ પણ પશુ-પક્ષી કે માણસને તેના મનની ઈચ્છા પૂર્ણ કરવાની તાલાવેલી હોય છે. તે તેના મનના અરમાનો પુરા કરવા મનમાં અવનવા મનસુબા રચતો હોય છે અને તેણે નક્કી કરેલા સ્થાને પહોંચવા સતત મથામણ કરતો હોય છે. જેમકે પક્ષીઓ તેના ચણ માટે અને તેના નાના બચલાઓ માટે સતત ગગન વિહાર કરતા જોવા મળે છે. એવી રીતે પશુઓ પણ તેના ચારા માટે અને તેની આજીવિકા માટે સતતપણે એની આગવી રીતે મથામણ કરે છે.તે તેના માલિકને પણ વફાદાર રહે છે. તેવી રીતે માણસ પણ એક આશા પુરી થઈ હોય ને તરત જ નવી આશાની મીટ માંડી આગળ વધવાનો પ્રયત્ન જીવનભર કર્યા કરે છે. ઘણા એવા પણ છે કે જે વગર મહેનતે તેનું લક્ષ સિધ્ધ કરવા બીજા પાસે અપેક્ષા રાખે છે,પણ તે પાર પડતી નથી. જ્યારે તમે સાચા હૃદયથી ભગવાન ભરોંસે રાખેલો ગોલ (લક્ષ) ને સહેલાઈથી સિદ્ધ કરી શકો છો.

આપણે કોઈ સથળે નિયત સમયે પહોંચવું હોય તો ચાલતા, બસમાં કે અન્ય રીતે જે તે સ્થળે સમયસર પહોંચવાનો પુરતો પ્રયત્ન કરીએ છીએ અને પહોંચી પણ જઈએ છીએ. એવી રીતે ઈચ્છાની ગાડીમાં બેસીને આશાની ટિકીટ લઈ સિધ્ધીનાં સ્ટેશને પહોચવા શ્રધ્ધારૂપી મનોકામના પૂર્ણ કરવામાં સફળતા મેળવવી હોય તો આપણે જેને માનતા હોઈએ તેને શ્રધ્ધા પૂર્વક બે હાથ જોડીને પ્રાર્થના કરવી જોઈએ અને તેને પરિપૂર્ણ કરવા પરિશ્રમ કરવાથી આપણે સૌ આપણા મનમાં કરેલી સંકલ્પનાને સિદ્ધ કરવા મનોકામના પૂર્ણ થાય છે.તેના માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે *A will will find away*(મન હોય તો માળવે જવાય) કોઈ કામ અશક્ય નથી, આપણું મન હોય તો માળવો પણ જીતી શકાય...! એટલે શ્રધ્ધા હોય તો મનોકામના પૂર્ણ કરી શકાય...!!!!!

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર -વાહેદપુરા

..................................

NOG NO. S.S. 0059.
શબ્દઃ 'મનોકામના"
પ્રકારઃ ગદ્ય- વાર્તા.
શીર્ષકઃ શ્રધ્ધા બળવાન
શબ્દોઃ ૨૮૦
જયકાન્ત ઘેલાણી 'પ્યારે '

પત્રકારો ની પછેડી મેલીજ ગણાય,તેમાં પણ ગૂજરાતી પત્રકારત્વ એટલે ?

નામ નરેશ પણ,

ગામમા શુ ?,

ઘરમાં પણ ગણત્રી નહિવત !.

કારણ ? ઉંમર વધતી રહી,

પણ બે છેડાછેડી ભેગા કરવાનો અવસર, સમયે સમયે હાથતાળી આપી ભાગતોજ રહે.

શરીર અલમસ્ત ! પણ ,સમય વધુ બળવાન તેથીજ તારક મહેતાની સીરીયલમા આવતા પોપટલાલ જેવું, જેમાં કરવુ ઓછું અને ગજારો મોટો !

'મે દૂનિયા હિલા દૂગાં ?

હાં, નરેશ ના સ્વપનો પણ

મૂગેંરીલાલ જેવાં, ગજબના!

મારા લગ્ન કોઈ રાજકૂવરી સાથે થાય, અને મોટી હસ્તીઓની હાજરી હોય અને રૂઆબ કંઈ

ઔરજ હોય !

એક દિવશ ડાયરેકટરના ફોનની ઘંટડી પત્રકાર નરેશના ટેબલ ઊપર રણકી, ઓફિસમાં ચારેકોર નઝર ફેરવી પોતે રૂઆબભેર વાત કરી અને ડાયરેક્ટરે સીધી પોતાની ભણેલ ગણેલ અને સંસ્કારી પૂત્રી રાણીની ઓફર આપી.

બંને ની રાજીખૂસીથી ઘડીયા લગ્ન

લેવાયા,

લગ્ન પ્રસંગે અખબાર જગતની મોટી હસ્તીઓની હાજરી અને કૂમાર નરેશ ના ફોટોગ્રાફ લેનારા અનેક!

રાણી એ દામપ્ત્ય જીવનની સૂહાની સફર શરૂ કરી.

આઠ દિવશ બાદ

નરેશ અને રાણી નેપાલમાં આવેલ મનોકામના દેવીના દર્શન

કરવા રવાના થયા,

બન્નેની શ્રધ્ધા સાથેની મનોકામના

પૂર્ણ થયાનો આનંદ બન્નેના ચહેરા ઉપર પૂનમ ના ચાંદની માફક ખીલી ઉઠેલો જોઈ ડાયલેકટરે પણ બન્ને ને વિડીયોકોલ દ્વારા

શૂભઆશિષ આપ્યા.

મનોકમના પૂર્ણ કરવા જીવનમાં ધીરજ અને અતૂટ શ્રધ્ધા જરૂરી છે તે નવો મંત્ર ગૂંજતો થયો.

..................................

NOG SS NO - 0050
વિષય - મનોકામના
પ્રકાર - લેખ

.................................. જો મનોકામના પૂરી થતી જ ના હોય તો નદીના કાનમાં કહેજો. ભગવાન શિવને ભોલેનાથ માનવામાં આવે છે અને શિવનું વાહનએ નંદી છે. અને નંદી શિવજી સાથે આપણું કામ પૂર્ણ કરાવે છે અને સફળ થાય છે. મનોકામના પૂર્ણ કરવાં શું તમે દેવીને કદી પત્ર લખ્યો છે. મોબાઇલ ફોન નહોતા, પત્રો સંદેશો વ્યવહારનું મુખ્ય માધ્યમો હતું .પત્ર લખવાનું યોગ પૂરો લગભગ થઈ ગયો છે.

પણ ભગવાનને પત્ર લખાતાં બધાય લખેલ છે ઈચ્છા વ્યક્ત કરે છે. એવું સાંભળ્યું છે. મંદિર હસનમ્બા છે.આ મંદિર વર્ષ માં માત્ર ૯ દિવસ જ ખૂલ્લું રહે છે.

૩૫૬ દિવસ બંધ હોય છે.આ હોયસલા વંશના રાજાએ મંદિર ૧૨ મી સદીમાં બનાવેલું હતું .પૌરાણિક માન્યતા પ્રમાણે અંધકાસુર નામનો રાક્ષસ બ્રહ્મા પાસેથી અદશ્ય થવાનું વરદાન મેળવેલું. અને પછી માનવ જાતિ પર અત્યાચાર શરૂ કરી દીધેલાં.

શિવજીએ શક્તિ દ્વારા યોગેશગીરીની રચના કરી. દેવી સાથે સાત દેવીઓ બ્રાહ્મી, મહેશ્વરી, કોમરી, વૈષ્ણવી, વરાહી ઈન્દ્રાણી ને ચામુંન્ડી હતી .હસનમ્બા મહોત્સવ થતો હતો. ત્યાં મંદિરમાં ભક્તો આવતાને સૌની મનોકામના પૂર્ણ થતી .પત્ર દ્વારા જે વર્ષ દરમિયાન જે પત્રો આવતાં એ પત્રો દ્વારા આપેલી દરેકની મનોકામના પણ દેવી પૂર્ણ કરતી. જે પત્ર દ્વારા ઈચ્છા પ્રગટ થતી એ પણ દેવી મંદિરમાં રહી આશીશ આપતાં ને મનોકામના પૂર્ણ કરતી..!

રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ.

## શિવજીને પ્રિય બિલીપત્ર અને તેનું મહત્વ સ્વાસ્થ્ય માટે લાભકારી એવું બિલીપત્ર ત્રિદલં ત્રિગુણાકારં ત્રનેત્રં ચ ત્રિધાયુતમ્ ત્રિજન્મપાપસંહારં, એક બિલ્વમ્ શિર્વાણમ્

બિલિપત્ર શિવજીને ખૂબ જ પ્રિય હોવાનું મનાય છે. બિલિ પત્રના ત્રણ પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવનું પ્રતીક હોવાનું કહેવામાં આવે છે. તે ભગવાન શિવની ત્રીજી આંખનું પ્રતીક છે. તેને હિન્દુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે અને શિવપૂજનમાં પણ બિલિપત્રાનો અવશ્ય સમાવેશ કરવામાં આવે છે. એ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહિ, પણ આરોગ્યની દૃષ્ટિએ પણ બિલિપત્ર ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદ મુજબ બિલિપત્રમાં અનેક ઔષધીય ગુણો રહેલા છે. તેના ત્રણ પત્રમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણો રહેલા હોય છે. સત્વ એ પોઝિટિવ એનર્જી છે જ્યારે રજસ અને તમસ નેગેટિવ એનર્જી છે. એવુ માનવામાં આવે છે કે બિલિપત્રનો મધ્યભાગ સત્વ અર્થાત્ પોઝિટિવ એનર્જીને આકર્ષે છે. જો કોઈ નેગેટિવ એનર્જીની અસરવાળી વ્યક્તિ પણ બિલિપત્રને સ્પર્શે તો તેનામાં પોઝિટિવ એનર્જી આવી જાય છે.બિલિ વૃક્ષના મૂળ, પાન, ફળ અને વૃક્ષના બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે. આ પવિત્ર વૃક્ષ પેઢામાંથી લોહી નીકળતુ હોય, ડાયેરિયા, અસ્થમા, કમળો, લોહીની ઉણપ જેવા અનેક રોગોમાં ખૂબ જ મદદરૂપ છે. ડાયેરિયાની સમસ્યા હોય તો બિલિના ફળને સૂકવીને તેનુ સેવન કરવુ જોઈએ. પાઈલ્સ થયા હોય કે પછી કોઢની સમસ્યામાં પણ બિલિફળના પાવડરનું સેવન કરવુ જોઈએ. આંખ અને કાનના રોગોમાં પણ બિલિફળ ઘણું અસરકારક છે. જૂના જમાનામાં ફ્રેક્ચર થયુ હોય તો વૈદ્યો બિલિના પાવડરમાં હળદર અને ઘી મિક્સ કરીને તૂટી ગયેલા હાડકા પર લેપ કરતા હતા. કબજિયાતની સમસ્યા નીવારવા માટે બિલિનું ફળ એ ખૂબ જ અસરકારક ઈલાજ છે. બિલિના ફળના માવામાં થોડી કાળી મરી અને મીઠુ ઉમેરવાથી આંતરડામાંથી ઝેરી તત્વો શરીરની બહાર ફેંકાઈ જાય છે. કબજિયાતની સમસ્યા માટે બિલિફળનું શરબત પણ લઈ શકાય છે. બિલિ ફળમાં એવા તત્વો હોય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રાખે છે. તે પેનક્રિઆસને સક્રિય બનાવે છે અને શરીરમાં ઈન્સ્યુલિન જનરેટ કરે છે જેને કારણે ડાયાબિટિસના દર્દીની શુગર કંટ્રોલમાં રહે છે. વૈદ્યની સલાહ પછી જ બિલિનો જે-તે પ્રયોગ કરવો જોઈએ.બિલિમાં એવા તત્વો છે જેમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ રહેલા છે અને તે પેટમાં પડેલા ચાંદામાં ઘણી રાહત આપે છે. તે શરીરમાં એસિડનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત શરીરમાં વાયરલ ઈન્ફેક્શન ફેલાયુ હોય તો પણ બિલિફળ ઘણી રાહત આપે છે.વિટામિન સીની ઉણપને કારણે ઘણા લોકોને દાંત અને પેઢામાંથી લોહી નીકળવાની સમસ્યા થતી હોય છે. બિલિફળમાં વિટામિન સી સારી માત્રામાં હોય છે. જેને કારણે તે ખાવાથી સ્કર્વી કે પેઢા-દાંતમાંથી લોહી નીકળવાની સમસ્યામાંથી છૂટકારો મળે છે. લાઈફસ્ટાઈલને કારણે ઊંચો કોલેસ્ટ્રોલ એ એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. બિલિફળમાં રહેલા તત્વો શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખે છે. જો પાકેલા બિલિફળમાં ઘી મિક્સ કરીને તેને ભોજન સાથે લેવામાં આવે તો હૃદયરોગનું જોખમ ઘટે છે. હૃદયરોગથી બચવા માટે વૈદ્યો વર્ષોથી આ ઉપચાર કરતા આવ્યા છે. આ ઉપરાંત તે શ્વસનતંત્રના રોગ, શરદી વગેરેમાં પણ ખૂબ જ ફાયદાકારક પુરવાર થાય છે. તેના ફળનો માવો નહાતા પહેલા માથામાં લગાવવામાં આવે તો શરદીથી છૂટકારો મળે છે. શરીરમાં કોઈ પણ ભાગે સોજો આવ્યો હોય તો તેના પર બિલિ ફળનો ગર લગાવવાથી સોજા તરત જ ઉતરી જાય છે. બિલિનું વૃક્ષ એ અત્યંત મહત્વનું વૃક્ષ છે.

? સ્વાસ્થ્ય માટે લાભકારી એવું બિલીપત્ર
? ત્રિદલં ત્રિગુણાકારં ત્રનેત્રં ચ ત્રિધાયુતમ્
ત્રિજન્મપાપસંહારં, એક બિલ્વમ્ શિર્વાણમ્ ?
- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)





**અમેરીકા-કેલિફોર્નિયાના એનાહેમ સ્થિત ગાયત્રી ચેતના સેન્ટર ( ગાયત્રી મંદિર ) માં પરંપારિક રીતે ભૂદેવો એ વિધી-વિધાન પૂર્વક જનોઈ બદલી.....અને બહેનોએ પોતાના ભાઈઓ ને રક્ષા ( રાખડી ) બાંધી...**

શ્રાવણ માસ એટલે તહેવારો નો માસ...અને શ્રાવણ માસની પૂનમ એટલે રક્ષાબંધન...... રક્ષાબંધન એટલે બહેનો પોતાના ભાઈઓ ને રાખડી બાધે તેમજ ભૂદેવો આ દિવસે એમની જનોઈ બદલી ને નવી જનોઈ ધારણ કરે છે... આવીજ રીતે અત્રેના એનાહેમ ના ગાયત્રી મંદિરમાં અત્રેના શ્રી મહેશભાઈ ભટ્ટ ના યજમાન પદે સંપૂર્ણ વિધી વિધાન પૂર્વક લગભગ ૨૫ જેટલા ભૂદેવોને નવી જનોઈ ધારણ કરાવવાનો કાર્યક્રમ સંપન્ન થયો...તેમજ સાયં આરતી બાદ અત્રે હાજર બહેનોએ તેમના ભાઈઓ ને રાખડી પણ બાંધી રક્ષાબંધન ના પર્વ ની ઉજવણી કરી હતી...

માહિતી અને તસ્વિર :-કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )





ઉના

હિતેષ જોષી

બ્રાહ્મણો માટે નુતન વર્ષ ગણાતી શ્રાવણી બળેવ પર્વ પવિત્ર તહેવારમાં ઉના શહેર તથા તાલુકાના ભૂદેવો ઋષિપુત્રો અમોદરા ગામ પાસે આવેલ ખોડીયાર માતાજીના આશ્રમના પવિત્ર સંકુલમાં વહેલી સવારે વિશાળ સંખ્યામાં પહોંચી પ્રથમ દેહ શુદ્ધિ, ઋષિ પૂજન, જનોઈ નું પૂજન કરી નૂતન જનોઈ શાસ્ત્રોક્ત વિધિથી ધારણ કરી હતી. ત્યાર બાદ મહાઆરતી અને જય પરશુરામ, હર હર મહાદેવના ગગનભેદી નારાઓ થી વાતાવરણ પવિત્ર બનાવી દીધુ હતું. વિધિ પૂર્ણ થયા બાદ ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ સેકડો બ્રહ્મ સમાજના ભાઈઓ બહેનોએ મહાપ્રસાદ સમૂહમાં લઈ બ્રહ્મ સમાજ એકતાના દર્શન કરાવેલ હતા. ભોજન પીરસવાની વ્યવસ્થા ખોડીયાર મંદિર આશ્રમ અમોદરાના સેવક મંડળના ભાઈઓએ સુંદર રીતે કરી હતી.




**સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટકલ સાયંસિસ, ગાંધીનગર ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી**

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટકલ સાયંસિસ, ગાંધીનગર ખાતે ૭૫માં સ્વાતંત્ર પર્વના અંતર્ગત અને આઝાદીના અમૃત મહોત્સવ નાં સંદર્ભે ×હર ઘર તિરંગા× જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્વતંત્રતા પર્વના વિષય ઉપર કવિતા લેખન અને ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ હર્ષભેર ભાગ લીધો હતો. સંસ્થાના એન.એસ.એસ. નાં યુનિટ દ્વારા કૉલેજ માં વિવિધ જગ્યાઓ પર ત્રિરંગા લગાવીને આ કાર્યક્રમ આયોજિત કર્યો હતો. કાર્યક્રમના અંતે આચાર્ય શ્રી. ડૉ. અંકિત બી. ચૌધરી દ્વારા સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા અને આ સફળ આયોજન માટે વિદ્યાર્થીઓને પ્રોસ્તાહિત કર્યા હતા.

## ૧૦૦૦ ગ્રામ-સ્તરના જન સાથીઓ સ્વતંત્રતા દિવસ પર ભારત એક્શન પ્રોજેક્ટમાં જોડાયા

# સરકારશ્રીની પ્રજાકલ્યાણની યોજનાનો અને નોકરીનો લાભ અપાવવા દેવદૂતની જેમ કાર્ય કરશે

૧૫મી ઑગસ્ટ ૨૦૨૨, અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાંથી ૧૦૦૦ ગ્રામ્ય-સ્તરના જન સાથીઓ ભારતના ૭૫મા સ્વતંત્રતા દિવસ પર સિવિક-ટેક સ્ટાર્ટઅપ ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ (IAP)માં જોડાયા છે. જન સાથીઓ ઁછની બહુભાષી જનસંબંધ એપ્લિકેશન દ્વારા તેમના ગામમાં લાયક નાગરિકોને જનકલ્યાણ યોજનાઓ અને નજીકની નોકરીઓને મેપ કરી કનેક્ટ કરવા માટે તાલીમ પામેલ છે.

ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ (IAP) મીડિયા-ઉદ્યોગસાહસિક શ્રુતિ ચતુર્વેદી દ્વારા સ્થપાયેલી કંપની છે, જ્યાં ભારતીય યુવાઓનો સમૂહ ભારતની સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષમતાઓને ખોલવાના મિશન પર કાર્યરત છે. આ સ્ટાર્ટઅપ, ડેટા, ટેકનોલોજી અને કોમ્યુનિકેશન મોડલ્સ ના અર્થપૂર્ણ ઉપયોગ દ્વારા ભારતના સૌથી મહત્ત્વના પડકારોને હલ કરવાનો હેતુ ધરાવે છે.

દર વર્ષે, નબળા પ્રચાર અને યોજનાની જટિલ અરજીની પ્રક્રિયા જેવા અનેક કારણોને લીધે હજારો કરોડનું બિનઉપયોગી જન કલ્યાણ યોજનાનું બજેટ બિનખર્ચિત રહે છે. મોટા ભાગના નાગરિકો કલ્યાણકારી યોજનાઓથી અજાણ હોય છે અને જો તેઓ તેના માટે લાયક છે કે નહીં તેનો ખ્યાલ હોતો નથી.

જન સાથીઓ મુખ્યત્વે એવા લોકો સાથે કામ કરે છે કે જેઓ પિરામિડના તળિયે હોય છે જ્યાં સાક્ષરતા અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની જાણકારી ખૂબ જ ન્યૂનતમ હોય છે. જન સંબધ કાર્યક્રમ, ગ્રામ્ય કક્ષાના જન સાથીઓ દ્વારા સંચાલિત, સરકારી યોજનાઓ વિશે જાગૃતતા વધારવા અને લોકોને અરજી પ્રક્રિયામાં મદદ કરવા માટે રચાયેલ છે - જેમાં જરૂરી દસ્તાવેજો એકત્ર કરવા અને જાહેર અધિકારીઓ સાથે ફોલોઅપનો સમાવેશ થાય છે.

જન સાથીઓને IAP ની જન સંબંધ એપનો ઉપયોગ કરીને નજીકના વિસ્તારોમાં તેમના ગામના સંબંધિત લોકો સાથે કોઈ પણ નોકરીની શરૂઆતને મેચ કરવા અને



સૂચિત કરવા માટે પણ તાલીમ આપવામાં આવી છે. હાલમાં, બનાસકાંઠા અને કચ્છ સહિત ગુજરાતના ૧૦૦૦ ગામડાઓમાં જન સાથીઓ સક્રિય છે. તેઓએ ૨૯૦૦ થી વધુ કૃષિ કરતા ખેડૂતો, કચ્છના નાના રણ (ન્ઈદ્ર) ના મીઠું પકવતા ખેડૂતો અને નાના અને મધ્યમ કદના વેપારીઓ માટેની વિવિધ સરકારી યોજનાઓ માટે અરજી કરવામાં મદદ કરી છે. તેઓએ બનાસકાંઠાના વિવિધ ગામોની ૨૦૦ મહિલાઓને મનરેગા કાર્ડ માટે અરજી કરવામાં પણ મદદ કરી છે જેથી તેઓ મનરેગા યોજના હેઠળ રોજગાર મેળવી શકે.

"હું માનું છું કે જો દરેક ભારતીયને તેમના વિસ્તારની નજીક કાર્યરત સંસ્થાઓ દ્વારા સરકાર અને CSR દ્વારા નક્કી કરાયેલા તેમના યોગ્ય લાભો મળે તો ભારતની મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ થઈ શકે છે. અમે એ જ ગામના સભ્યોને અમારા જન સાથી કાર્યક્રમમાં સામેલ કર્યા છે અને તેમના ગામમાં લોકોને મદદ કરવા માટે જરૂરી સાધનો અને માહિતીથી સજ્જ કરવા માટે ઘણી પાયાથી કામ કરતી સંસ્થાઓ સાથે ભાગીદારી કરી રહ્યા છીએ', ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટના સ્થાપક શ્રુતિ ચતુર્વેદી

સ્ટાર્ટઅપનો હેતુ સરકારી વિભાગો, એનજીઓ, કોર્પોરેટ અને સીએસઆર સાથે ભાગીદારી કરીને જન સાથીઓના જીવનને અપગ્રેડ કરવાનો પ્રયત્ન પણ છે. સ્ટાર્ટઅપે તાજેતરમાં ગુજરાત ક્ષત્રિય ઠાકુર સેના (GKTS) સાથે તેમના સભ્યોને તેમના સંબંધિત ગામોમાં જન સાથીઓ તરીકે તાલીમ આપવા માટે સહયોગ કર્યો હતો.

વધુમાં શ્રુતિ ચતુર્વેદીએ જણાવ્યું કે "અમારા જન સાથીઓ ગ્રામીણ ભારતમાં અમારા ભાગીદારો માટે ઉત્તમ કાર્યો કરે છે કારણ કે તેઓ સ્થાનિક નિવાસી, જાગૃત અને પ્રશિક્ષિત છે. આ ભાગીદારી અમારા જન સાથીઓને તેમના ગામના લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો લાવવાની પ્રતિબદ્ધતા માટે પ્રોત્સાહિત કરે છે"

આગામી પગલાં

ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ ૨૦૨૫ સુધીમાં સમગ્ર ભારતમાં ૧ મિલિયન જન સાથીઓને તેમના નેટવર્કમાં સામેલ કરવાનું લક્ષ્ય ધરાવે છે. લાભાર્થીના લાભના પ્રભાવને વિસ્તારવાની સાથે, સમગ્ર દેશમાં ૧૦,૦૦,૦૦૦ જન સાથીઓને આજીવિકાની તકો પણ પૂરી પાડશે - જેમાં મહિલાઓ, ટ્રાન્સજેન્ડર, દિવ્યાંગ અને છેવાડાના સમુદાયોનો સમાવેશ કરવામાં આવશે.

About IAP:-

India Action Project is a civic-tech startup built for the purpose of solving Bharat's most pressing challenges by meaningful use of data, technology, and communication models. IAP's products bridge the gap bªween policymakers and the public by enabling meaningful conversation channels, while providing livelihood opportunities to thousands of village-level Jan Saathis.

Regards, Viraj Shah

## પાટણના વારાહીમાં ગેરકાયદેસર હથિયારો રાખી વેપારીઓને ધમકાવી ખંડણી માગવાના કેસમાં વધુ ત્રણની ધરપકડ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

પાટણ જિલ્લાના વારાહીમાં ગેરકાયદેસર હથિયારો બતાવી વેપારીઓને ધમકાવી ખંડણી માગવાના કેસમાં નોંધાયેલી પોલીસ ફરિયાદના આધારે ત્રણેય આરોપી ઓની પાટણ એસ ઓ જી પોલીસે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

વેપારીઓ પાસેથી ખંડણી ઉઘરાવવા મામલે અગાઉ નોંધેલી વારાહી પોલીસ મથકે ફરિયાદ અનુસંધાને વધુ તપાસ પાટણ એસ ઓ જી ને સોપાઈ હતી ત્યારે અગાઉ એક ઈસમની ધરપકડ કરવામાં આવી હતી ત્યારે બાકીના ત્રણે ઈસમો ફરાર હોઈ વધુ તપાસ પાટણ એસ ઓ જી દ્વારા કરવામાં આવતા ત્રણેય ઈસમો ને દબોચી લીધા હતા વારાહી પોલીસ મથકમાં આર્મ એક્ટ હેઠળ ગુનો નોંધાયા બાદ બે દિવસ બાદ એક ઈસમ ની ધરપકડ કરવામાં આવી હતી જે બાદ એસ ઓ જી પી આઈ ચિરાગ ગોસ્વામીની ટીમે વધુ તપાસ હાથ ધરતા વારાહીમા સક્રિય થયેલી ગેંગ જે ગેરકાયદેસર હથિયારો રાખી બજારોમાં ખોટા ઝઘડા ઉભા કરી હથિયારો બતાવી લોકો તેમજ વેપારીઓમાં ભય નો માહોલ ઊભો કરતી ગેંગના વધુ ત્રણ આરોપીઓને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલા નાસિફ ખાન ઉર્ફે માયા પાસેથી ગેરકાયદેસર પિસ્તોલ પણ ઝડપી તેને પુરાવા સ્વરૂપે તપાસમાં જોડી છે આરોપી નાસીફ ખાન ઉર્ફે માયાભાઈ રસુલ ખાન મહેકે સોશિયલ મીડિયામાં ફાયરિંગ ના વિડીયો મૂકી લોકોમાં ખોફ ફેલાવતો હતો

ઝડપાયેલા આરોપીઓ

૧, અલી ખાન કરી ખાન મલિક, વારાહી વાળો

૨, ઝાહીદ ખાન સાંધાજી મલેક, ફૂલપુરા વાળો

૩, નાસીર ખાન ઉર્ફે માયા રસુલખાન મહેકે, વારાહી વાળો મુખ્ય આરોપી

## શ્રી શૈલેષકુમાર બાબુલાલ (પત્રકાર) વામૈયા ના જન્મદિવસે ૫૧ વૃક્ષો વાવી તેમજ શ્વાનોને બિસ્કીટ રોટલા અને લાડુ જમાડી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

સરસ્વતી ૧૩

૧૩ ઓગસ્ટ ના દિવસે વામૈયા ગામના વતની અને જીવદયા પ્રેમી અને સામાજિક અગ્રણી શ્રી શૈલેષકુમાર બાબુલાલ નાયી (પત્રકાર) ના જન્મદિવસ નિમિત્તે વામૈયા ખાતે આવેલ બાપા સીતારામ મઢુલી તેમજ રામદેવપીર બાપાના મંદિરે મહંત શ્રી શંકરભારતી જુના અખાડા જુનાગઢની ઉપસ્થિતિમાં ૫૧ વૃક્ષો વાવવામાં આવ્યા હતા અને શ્વાનો ને બિસ્કીટ રોટલા અને લાડુ જમાડી અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે ઉપસ્થિત શ્રી શૈલેષભાઈ નાયી ના પરીવાર ના સભ્યો તેમજ રામદેવપીર મંદિર ના પુજારી સાધુ જીગ્નેશભાઈ શ્રી હરગોવનભાઈ શંકરભાઈ ચૌહાણ શ્રી પશાભાઈ સોમાભાઈ ચૌહાણ શ્રી વિપુલભાઈ હરગોવનભાઈ ચૌહાણ, મીર સહેઝાદ ભાઈ અબ્દુલભાઈ શ્રી પ્રવીણભાઈ પેથાભાઈ ચૌહાણ ચૌહાણ ચિરાગ સુરેશભાઈ તેમજ બાપા સીતારામ ના સેવકો ઉપસ્થિત રહ્યા હતાં તેમજ શ્રી શૈલેષકુમાર બાબુલાલ નાયી (પત્રકાર) દ્વારા પાટણ જીવદયા પરીવાર ને શ્વાનો માટે તેમના જન્મદિવસ નિમિત્તે બિસ્કીટ રોટલા અને લાડુ નુ દાન આપી જન્મ દિવસ ની ઉજવણી કરી હતી શૈલેષ નાયી એ જણાવ્યું હતું કે ગુજરાતના શહેરોમાં તેમજ ગામડાઓમાં વધુને વધુ વૃક્ષો વાવો અને ગુજરાતના ગામડાઓને શહેરોને હરીયાળુ બનાવો તેમજ વૃક્ષો વાવો અને વરસાદ લાવો તેવુ તેમને જણાવ્યું હતું.

**આઝાદીના અમૃત મહોત્સવે વિશેષ વ્યકિતત્વ નારી સન્માન કર્યું....**

## શ્રવણ સુખધામ સંસ્થા અને કે.ડી ફાઉન્ડેશન મોડાસા દ્વારા સન્માન પત્ર એનાયત કયો

અરવલ્લી (સા.કા)

હિંમતનગર નારી સંરક્ષણ ખાતે ફરજ બજાવતા કુમારી અસ્મિતા પ્રજાપતિ ને ગુજરાત સરકારશ્રી માં પોતાની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ યુનિસેફ ક્રાય અને મહિલા બાળ વિભાગ તરફથી એવોર્ડ પ્રાપ્ત થયેલ છે તે બદલ શ્રવણ સુખધામ સંસ્થા અને કે.ડી ફાઉન્ડેશન મોડાસા તરફથી અસ્મિતા પ્રજાપતિ પ્રજાપતિ સમાજ દિકરી જેમને જેમને વિશેષ વ્યકિતત્વ નારી સન્માન આપવાનું



બંને ફાઉન્ડેશને સન્માન આપવાનું નક્કી કરેલ જે આજરોજ સંપન્ન કરેલ છે શ્રવણ સુખધામ ના ઈન્દુ પ્રજાપતિ પ્રજાપતિ એ સાબરકાંઠા ની શાન પાઘડી પુષ્પગુચ્છ સન્માન પત્ર અને પ્રજાપતિ સમાજની જીવાદોરી ચાકડા નું પ્રતિક કુંભાર રત્ન આપી સન્માનિત કર્યો હતાં કે.ડી ફાઉન્ડેશન નાં ફાઉન્ડર કલ્પેશ પ્રજાપતિ મોટીવેશન સ્પીકર રહીયોલી એ પોતાના ફાઉન્ડેશન તરફથી સનમાન પત્ર એનાયત કરી અસ્મિતા પ્રજાપતિ ને વધુ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી સમગ્ર કાર્યક્રમ નું આયોજન ઈન્દુ પ્રજાપતિ નાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યું હતું. રીપોર્ટ.. અહેવાલ... હિરેન પ્રજાપતિ અરવલ્લી.સા.કા

## મુખ્યમંત્રી શ્રીના હસ્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં સુરત, ભાવનગર, ભૂજ અને પાલનપુરનાં પ્રાદેશિક કેન્દ્રોના ભવનનું ભૂમિપૂજન

પાલનપુર,

ગુજરાત રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં સુરત, ભાવનગર, ભૂજ અને પાલનપુરનાં પ્રાદેશિક કેન્દ્રોના ભવનો માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ને NAACમાં મળેલ છ રેક્ર બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે રાજ્ય માટે આ ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. શિક્ષણે લોકો સુધી પહોંચવું જોઈએ, એવા સ્વામી વિવેકાનંદના વિચારને BAOU ચરિતાર્થ કરી રહી છે અને રાજ્યના ઘરે ઘરે જ્ઞાનની ગંગા પહોંચાડી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રીએ મ્ર્ઁ દ્વારા છેવાડેના લોકો, મહિલાઓ, દિવ્યાંગો તથા ખાસ કરીને ટ્રાન્સજેન્ડરને શિક્ષિત કરવાના પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ સમય સાથે ચાલીને દ્રોણાચાર્ય સેન્ટર કે એકલવ્ય પોર્ટલ થકી રાજ્યના લોકોને ઘરે બેઠા બેઠા જ્ઞાનની ગંગામાં ડૂબકી મારવાની તક પૂરી પાડી રહી છે. પ્રાદેશિક કેન્દ્રો થકી છેવાડેના લોકો સુધી શિક્ષણ આસાનીથી પહોંચી શકશે, એવી આશા પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોરોના કાળમાં દૂરવર્તી શિક્ષણનું મહત્ત્વ વધવા પામ્યું છે. રાજ્યમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શિક્ષણ ક્ષેત્રે ઘણો વિકાસ થયો છે. રાજ્યમાં ૨૦ વર્ષ પહેલાં માત્ર ૧૧ યુનિવર્સિટીઓ હતી, આજે આ સંખ્યા વધીને ૧૦૨એ પહોંચી છે. ઊર્જાથી થનગનતા યુવાનોને શિક્ષણ પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

'હર ઘર તિરંગા' અભિયાનમાં સૌને સહભાગી થવા સાથે મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત કાળને કર્તવ્ય કાળમાં પરિવર્તિત કરવા આહ્વાન આપ્યું હતું. અને જ્ઞાનના અમૃતને મ્ર્ઁ જેવી યુનિવર્સિટી રાજ્યના ખૂણે ખૂણે પહોંચાડશે, એવી આશા



વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને દ્ગછછઝમાં મળેલ છ રેક્ર બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે રાજયની કોઈ યુનિવર્સિટી રેટિંગ અને રેક્રિંગમાં પાછળ ન રહે એ માટે મુખ્યમંત્રી શ્રીના હસ્તે ગરિમા સેલ સ્થપાયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના સકારાત્મક અભિગમ, સતત સહયોગ અને માર્ગદર્શન હેઠળ શિક્ષણ ક્ષેત્રે અનેક આયામો સિદ્ધ થઈ શક્યા છે. રાજયની યુનિવર્સિટીઓની તમામ જરૂરિયાત પૂરી કરવા સરકાર પ્રતિબદ્ધ છે, એવું શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી જીતુભાઈ વાઘાણીએ મ્ર્ઁનાં પ્રાદેશિક કેન્દ્રો થકી છેવાડાના લોકો સુધી શિક્ષણ પહોંચશે, એવી આશા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે BAOU દ્વારા અત્રિ સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર, ગુરુકુળ મૉડલ લર્નર સપોર્ટ સેન્ટર, ગાર્ગી સેન્ટર ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઑફ વિમેન, દ્રોણાચાર્ય સેન્ટર ફોર સ્ટાર્ટઅપ્સ, ઈનોવેશન્સ એન્ડ આંત્રપ્રેન્યોરશિપ જેવી પહેલો ઉપરાંત પ્રોફેશનલ-વોકેશનલ અભ્યાસક્રમો થકી શિક્ષણ ક્ષેત્રે ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાદેશિક કેન્દ્રો થકી જેમના સુધી અત્યાર સુધી ઉચ્ચ શિક્ષણ પહોંચી શક્યું નથી, તેમના સુધી પહોંચશે.શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકે શિક્ષણ ક્ષેત્ર પર ખૂબ ફોકસ કર્યું હતું, જેને પરિણામે ગુજરાત આજે એજ્યુકેશન હબ બની ગયું છે અને આવનારા સમયમાં ગુજરાત શિક્ષણ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ચમકી ઊઠશે, એવી આશા છે.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કરવા સાથે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના સતત સહયોગ અને માર્ગદર્શન થકી જ મ્ર્ઁને દ્ગછછઝમાં છ ગ્રેડ પ્રાપ્ત થઈ શક્યો છે, એ બદલ સમગ્ર યુનિવર્સિટી મુખ્યમંત્રી શ્રી અને ગુજરાત સરકારની આભારી છે. રાષ્ટ્રનિર્માણ માટે આપણે સૌએ શિક્ષણ થકી જાગૃત થવાનું છે અને છેવાડેના લોકો સુધી, વંચિતો અને દિવ્યાંગો સુધી શિક્ષણ પહોંચાડવા BAOU પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે ભારતીય શિક્ષા મંડળ–યુવા આયામ અને રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સુભાષ-સ્વરાજ-સરકાર સંશોધન પેપર લેખન સ્પર્ધાનું પોસ્ટર મુખ્યમંત્રીશ્રીના હસ્તે રિલીઝ કરવામાં આવ્યું હતું.

આ ભૂમિપૂજન સમારંભમાં શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી એસ.જે. હૈદર, ઉચ્ચ શિક્ષણના કમિશનર શ્રી એમ. નાગરાજન ઉપરાંત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, કામધેનું યુનિવર્સિટી વગેરેના કુલપતિશ્રીઓ-પદાધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્યેશ વ્યાસ, પ્રાદેશિક માહિતી કેન્દ્ર, અમદાવાદ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.